બુધવાર, 18 ફેબ્રુઆરી, 2026 ફાગણ સુદ એકમ | “વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર” | ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




દૈનિક પલ્સ સાથે આગળ રહો....

# દૈનિક પલ્સ

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ✻ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ✻ RNI NO : GJGUJ/25/A1447 ✻ Vist : www.dailypulse.org.in
રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ✻ Follow : @dailypulsenews24 ✻ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ✻ કિંમત : મફત

## T20 વર્લ્ડ કપ: સુપર-8માં ભારતની ટક્કર સાઉથ આફ્રિકા સામે, ઓસ્ટ્રેલિયા ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકાયું

T20 વર્લ્ડ કપમાં ગ્રુપ સ્ટેજની રોમાંચક સફર બાદ હવે અસલી જંગ સુપર-8 સ્ટેજમાં શરૂ થવા જઈ રહ્યો છે. અત્યાર સુધીની મેચોમાં અનેક મોટા ઉલટફેર જોવા મળ્યા છે, જેમાં સૌથી મહત્વની ઘટના 2021ની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાનું ટુર્નામેન્ટમાંથી બહાર થવું છે. 2009 પછી પહેલીવાર ઓસ્ટ્રેલિયા લીગ રાઉન્ડમાં જ હારી ગયું છે, જ્યારે ઝિમ્બાબ્વેએ વરસાદના કારણે મળેલા પોઈન્ટ્સની મદદથી સુપર-8માં સ્થાન મેળવીને સૌને ચોંકાવી દીધા છે.

સુપર-8ના ગ્રુપનું માળખું: સુપર-8માં કુલ 12 મેચો રમાશે અને ટીમોને બે ગ્રુપમાં વહેંચવામાં આવી છે:

- ગ્રુપ-1: ભારત, સાઉથ આફ્રિકા, વેસ્ટ ઈન્ડિઝ અને ઝિમ્બાબ્વે.
- ગ્રુપ-2: ન્યુઝીલેન્ડ, ઈંગ્લેન્ડ, શ્રીલંકા અને (પાકિસ્તાન અથવા અમેરિકા).

છેલ્લી ટીમનો નિર્ણય બુધવારે પાકિસ્તાન અને નામિબિયા વચ્ચે રમાનારી મેચથી થશે. જો પાકિસ્તાન જીતશે તો તે સુપર-8માં પહોંચશે, નહીં તો અમેરિકાને તક મળશે.

ભારતીય ટીમ ગ્રુપ સ્ટેજમાં સતત ત્રણ જીત મેળવીને શાનદાર લયમાં છે. સુપર-8માં ભારતની મેચો આ મુજબ છે:

- 22 ફેબ્રુઆરી: ભારત વિ. સાઉથ આફ્રિકા (અમદાવાદ)
- 26 ફેબ્રુઆરી: ભારત વિ. ઝિમ્બાબ્વે (ચેન્નઈ)
- 1 માર્ચ: ભારત વિ. વેસ્ટ ઈન્ડિઝ (કોલકાતા)

ભારતે ગ્રુપ સ્ટેજમાં અમેરિકા, નામિબિયા અને પાકિસ્તાનને હરાવીને પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. સૂર્યકુમાર યાદવ, હાર્દિક પંડ્યા અને ઈશાન કિશને બેટિંગમાં મહત્વનું યોગદાન આપ્યું છે. સુપર-8માં દરેક ટીમ 3-3 મેચ રમશે અને દરેક ગ્રુપની ટોપ-2 ટીમો સેમિફાઇનલમાં જશે. 4 માર્ચે પ્રથમ અને 5 માર્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં બીજી સેમિફાઇનલ રમાશે. ફાઇનલ મેચ 8 માર્ચે ખેલાશે. જો પાકિસ્તાન સેમિફાઇનલ કે ફાઇનલમાં પહોંચશે તો તેની મેચો કોલંબોમાં રમાશે. આ ટુર્નામેન્ટમાંથી અફઘાનિસ્તાન, નેપાળ અને નેધરલેન્ડ જેવી 10 ટીમો પહેલેથી જ બહાર થઈ ચૂકી છે. ક્રિકેટ ફેન્સ હવે અમદાવાદમાં રમાનારા ભારત-સાઉથ આફ્રિકાના હાઈ-વોલ્ટેજ મુકાબલાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.




**T20 વર્લ્ડ કપના સુપર-8 સ્ટેજમાં 7 ટીમો નક્કી થઈ ગઈ છે. ભારત ગ્રુપ-1માં સાઉથ આફ્રિકા, વેસ્ટ ઈન્ડિઝ અને ઝિમ્બાબ્વે સામે ટકરાશે. ભારતની પ્રથમ મેચ 22 ફેબ્રુઆરીએ અમદાવાદમાં રમાશે. ઓસ્ટ્રેલિયા જેવી દિગ્ગજ ટીમ લીગ સ્ટેજમાંથી જ બહાર થઈ ગઈ છે.**

## નલ સે જલ અને નર્મદા ઉઘરાણી મુદ્દે અમિત ચાવડાના પ્રહાર

**દૈનિક પલ્સ સમાચાર:** વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન અમિત ચાવડાએ સરકારની વિવિધ યોજનાઓમાં થતા ભ્રષ્ટાચાર અને અનિયમિતતાના મુદ્દે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે 'નલ સે જલ' યોજના વાસ્તવમાં 'નલ સે ધન' યોજના બની ગઈ છે. મહીસાગર જિલ્લામાં પકડાયેલા ભ્રષ્ટાચારનો હવાલો આપી તેમણે આખા રાજ્યમાં આ યોજનાની CBI તપાસ કરાવવા અને શ્વેતપત્ર જાહેર કરવા માંગ કરી છે. બીજી તરફ, નર્મદા યોજનામાં ગુજરાતના હક્કના આશરે ₹8,000 કરોડ પડોશી રાજ્યો પાસે બાકી હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે પડોશી રાજ્યોમાં પણ ભાજપની સરકાર હોવા છતાં આ રકમ વસૂલવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. વર્ષ 2011થી ચાલી રહેલા જમીન રી-સર્વેના ગોટાળા અંગે પણ તેમણે સરકારને આડે હાથ લીધી હતી. લાખો ખેડૂતોની અરજીઓ પેન્ડિંગ હોવાથી ખેડૂતો આપસી ઝઘડા અને આર્થિક નુકસાન વેઠી રહ્યા છે, જેનો તાત્કાલિક ઉકેલ લાવવા તેમણે અનુરોધ કર્યો છે.




## વડોદરા: મહિલાઓ માટે રોજગાર મેળો, 18 ફેબ્રુઆરીએ ભરતી પ્રક્રિયા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના ગેંડા સર્કલ વિસ્તારમાં 18 ફેબ્રુઆરીના રોજ મહિલાઓ માટે વિશેષ રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. મોડેલ કરિયર સેન્ટર અને ઇન્ડસઇન્ડ નિપ્પોન લાઇફ ઇન્સ્યોરન્સ દ્વારા આયોજિત આ મેળાનો મુખ્ય હેતુ મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનો અને વીમા ક્ષેત્રમાં રોજગારીની તકો પૂરી પાડવાનો છે. આ મેળામાં 'લાઇફ પ્લાનિંગ ઓફિસર સેલ્સ અને માર્કેટિંગ'ની કુલ 45 જગ્યાઓ માટે ઇન્ટરવ્યૂ લેવામાં આવશે. ભરતી પ્રક્રિયામાં વય મર્યાદા મુજબ અલગ-અલગ તકો રાખવામાં આવી છે. 21 થી 30 વર્ષની વય ધરાવતી સ્નાતક મહિલાઓ ભારત સરકારની એપ્રેન્ટિસ યોજના હેઠળ જોડાઈ શકશે. જ્યારે 30 થી 45 વર્ષની વયની સ્નાતક મહિલાઓ માટે સીધી રોજગારીની તકો ઉપલબ્ધ છે. આ ઉપરાંત, 18 વર્ષથી વધુ વયની કોઈ પણ મહિલા 'વુમન ઇન્સ્યોરન્સ મેનેજર' તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી શકે છે.

આ રોજગાર મેળો 18 ફેબ્રુઆરીએ સવારે 10:00 વાગ્યે 302-એટલાન્ટિસ હાઇટ્સ, સારાભાઈ કંપાઉન્ડ, ગેંડા સર્કલ, વડોદરા ખાતે યોજાશે. રસ ધરાવતી મહિલા ઉમેદવારોએ પોતાના જરૂરી દસ્તાવેજો અને બાયોડેટા સાથે સ્વખર્ચે નિયત સમયે હાજર રહેવું. વીમા ક્ષેત્રે રસ ધરાવતી મહિલાઓ માટે આ એક શ્રેષ્ઠ અવસર છે.



**વડોદરામાં 18 ફેબ્રુઆરીએ મહિલાઓ માટે વિશેષ રોજગાર મેળો યોજાશે. મોડેલ કરિયર સેન્ટર અને ઇન્ડસઇન્ડ નિપ્પોન લાઈફ ઇન્સ્યોરન્સ દ્વારા ગેંડા સર્કલ પાસે આયોજિત આ મેળામાં વીમા ક્ષેત્રે 45 જગ્યાઓ પર સ્નાતક મહિલાઓની ભરતી કરવામાં આવશે.**

## ગાંધીનગર: સેક્ટર-30 બ્રિજ પરથી રિંક્ષા નદીમાં ખાબકી, યુવાનનુ મોત

**દૈનિક પલ્સ સમાચાર:** ગાંધીનગરના સેક્ટર-30 બ્રિજ પર આજે બનેલી એક દુર્ઘટનાએ તંત્રની પોલ ખોલી નાખી છે. શીહોલી ગામનો 35 વર્ષીય રાકેશ ઠાકોર પોતાની રિક્ષામાં ગાંધીનગર જઈ રહ્યો હતો ત્યારે સેક્ટર-30 સાબરમતી નદીના બ્રિજ પરથી તેની રિક્ષા નીચે ખાબકી હતી. બ્રિજ પર સુરક્ષા માટેની રેલિંગ ન હોવાથી રિક્ષા સીધી પલટી મારીને નદીના ઊંડા પાણીમાં ડૂબી ગઈ હતી. આ અકસ્માતની જાણ થતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ગાંધીનગર ફાયર ટીમે તાત્કાલિક ક્રેન અને તરવૈયાઓની મદદથી નદીમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. કલાકોની જહેમત બાદ રિક્ષા અને યુવાનના મૃતદેહને બહાર કાઢવામાં સફળતા મળી હતી. અકસ્માતને કારણે ચિલોડા-ગાંધીનગર રોડ પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો, જેને પોલીસે સ્થળ પર પહોંચી હળવો કરાવ્યો હતો. સ્થાનિક રહીશોનો આરોપ છે કે બ્રિજનું સમારકામ ચાલી રહ્યું છે પરંતુ કોન્ટ્રાક્ટર કે વિભાગ દ્વારા સુરક્ષાના સાધનો મુકવામાં આવ્યા નથી. રેલિંગ વિનાનો આ બ્રિજ વાહનચાલકો માટે મોતનો કૂવો સાબિત થઈ રહ્યો છે. આ ગંભીર લાપરવાહી બાદ કલેક્ટર સહિતના અધિકારીઓ નિરીક્ષણ માટે પહોંચ્યા હતા. પરિવારે એક આશાસ્પદ યુવાન ગુમાવતા ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને જવાબદારો સામે કડક પગલાં લેવાની માંગ ઉઠી છે.

**ગાંધીનગરના સેક્ટર-30 બ્રિજ પરથી રિક્ષા સાબરમતી નદીમાં ખાબકતા શીહોલી ગામના રાકેશ ઠાકોરનું મોત નીપજ્યું છે. બ્રિજ પર રેલિંગ કે બેરિકેટિંગ ન હોવાથી આ દુર્ઘટના સર્જાઈ હતી. ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ મૃતદેહ અને રિક્ષાને બહાર કાઢ્યા હતા.**



રિપોર્ટ : કિરણકુમાર ગોહેલ

## વડોદરા: કારેલીબાગમાં નવો બનેલો રોડ બેઠો, મોટો ભૂવો પડ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાનું આદિજાતિ કન્યા છાત્રાલય હવે વિદ્યાર્થિનીઓ માટે જેલ સમાન બની ગયું હોય તેમ લાગે છે. પ્રિન્સિપાલ કેયુર સાગરના શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને 21 સગીર વિદ્યાર્થિનીઓએ જીવના જોખમે દીવાલ કૂદીને ભાગવું પડ્યું, જે સરકારી છાત્રાલયની ભયાનક વાસ્તવિકતા દર્શાવે છે. એસેમ્બલીમાં કલાકો સુધી બેસાડી રાખવા અને અભ્યાસમાં અડચણ ઉભી કરવા જેવી ફરિયાદો છતાં ઉચ્ચ અધિકારીઓ કેમ મૌન રહ્યા? હરણી પોલીસે આ વિદ્યાર્થિનીઓને ઝૂંપડપટ્ટીમાંથી શોધી તો કાઢી, પણ આ ઘટનાએ સુરક્ષા ગાર્ડ અને છાત્રાલયના વહીવટ સામે અનેક પ્રશ્નો ખડા કર્યા છે. દીકરીઓ જ્યારે રક્ષણ માટે સરકારી આશરે આવે છે ત્યારે તેમને ત્રાસ સોંપવો એ ક્યા પ્રકારનો વહીવટ છે? પ્રિન્સિપાલની માત્ર બદલી કરવી એ પૂરતું નથી, તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. તંત્રની આ નિષ્ફળતા સાબિત કરે છે કે સરકારી કચેરીઓમાં બેઠેલા બાબુઓને વિદ્યાર્થિનીઓના ભવિષ્ય કે સુરક્ષાની કોઈ ચિંતા નથી.




**દરજીપુરા સરકારી છાત્રાલયમાં પ્રિન્સિપાલ કેયુર સાગરના ત્રાસથી કંટાળી 21 સગીરાઓ દીવાલ કૂદી ભાગી છૂટતા તંત્રની સુરક્ષાના ધજાગરા ઉડ્યા છે. વારંવારની રજૂઆતો છતાં પગલાં ન લેવાતા દીકરીઓએ આ જોખમી પગલું ભરવું પડ્યું, જે સરકારી વહીવટ પર મોટું કલંક છે.**

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના, સમાચાર અથવા વ્યવસાયની જાહેરાત આપવા માટે આજે જ અમારો સંપર્ક કરો. ૯૯૦૯૯૧૧૧૭૫

# વડોદરા મનપાનું ₹7672 કરોડનું બજેટ મંજૂર: નાગરિકો પર કરબોજ નહીં

## વડોદરા મનપાનું નવું બજેટ: ₹7672 કરોડના વિકાસ કામો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા મહાનગરપાલિકાના વહીવટી ઇતિહાસમાં એક નવો અધ્યાય ઉમેરાયો છે. સામાન્ય રીતે પાંચ વર્ષની ટર્મમાં પાંચ બજેટ રજૂ થતા હોય છે, પરંતુ વર્તમાન બોર્ડ દ્વારા ઐતિહાસિક છઠ્ઠી વખત બજેટ રજૂ કરવામાં આવ્યું છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા મુકાયેલા ₹7609 કરોડના બજેટમાં સ્થાયી સમિતિએ ₹63.21 કરોડનો વધારો કરી, કુલ ₹7672.21 કરોડનું બજેટ વિશેષ સામાન્ય સભામાં મંજૂરી માટે રજૂ કર્યું છે. બજેટની સૌથી મહત્વની વાત એ છે કે વડોદરાના નાગરિકો પર કોઈ પણ પ્રકારનો કરવેરો કે વેરા દરમાં વધારો કરવામાં આવ્યો નથી. નાગરિકો ઓનલાઈન વેરો સરળતાથી ભરી શકે તેવી વ્યવસ્થાઓ વધુ સુદ્રઢ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. સ્થાયી સમિતિના ચેરમેન ડો. શીતલ મિસ્ત્રીએ સતત ત્રીજી વખત બજેટ રજૂ કરતા વિકાસની ગતિ 3 થી 4 ગણી વધી હોવાનો દાવો કર્યો છે.

**મુખ્ય આકર્ષણો અને આયોજન:**

- ટ્રાફિક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર: લાલબાગ બ્રિજ નજીક વાહનવ્યવહારને સરળ બનાવવા માટે એલિવેટેડ કોરિડોરનું આયોજન છે, જેની મંજૂરી માટે રાજ્ય સરકારમાં રજૂઆત કરાઈ છે. મનપાની જૂની ઈમારતોને સ્થાને નવી આધુનિક ઓફિસો બનાવાશે.
- મહિલા સુવિધા: શહેરમાં વિવિધ ઝોનમાં ખાસ 'પિંક ટોયલેટ' અને નવજાત બાળકોની માતાઓ માટે 'પિંક ફીડિંગ રૂમ' બનાવવામાં આવશે.
- આવાસ યોજના: આગામી પાંચ વર્ષમાં 30,000 નવા પ્રધાનમંત્રી આવાસો બનાવવાનું મોટું લક્ષ્ય રખાયું છે, જે અંતર્ગત એક જ વર્ષમાં 10,000 આવાસોનું કામ હાથ ધરાશે.
- આધ્યાત્મિક જોડાણ: સુરસાગર તળાવ ખાતે સ્થાપિત સુવર્ણજડિત સર્વેશ્વર મહાદેવની પ્રતિમા સમક્ષ અઠવાડિયામાં એકવાર ભવ્ય આરતી કરવાનું નક્કી કરાયું છે, જે શહેરના પર્યટન અને આસ્થાને વેગ આપશે.

વડોદરાના ઇન્ડસ્ટ્રીયલ ગ્રોથને ધ્યાને રાખી CSR ફંડનો ઉપયોગ વિકાસ કાર્યોમાં થાય તેવું સુચારુ આયોજન પણ આ બજેટમાં વણી લેવામાં આવ્યું છે.



**વડોદરા મનપાની વિશેષ સામાન્ય સભામાં વર્ષ 2026-27નું ₹7672.21 કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરાયું છે. સ્થાયી સમિતિના ચેરમેન ડો. શીતલ મિસ્ત્રીએ સતત ત્રીજી વખત બજેટ રજૂ કરતા જણાવ્યું કે નાગરિકો પર કોઈ પણ પ્રકારનો કરવેરો વધારવામાં આવ્યો નથી. બજેટમાં લાલબાગ બ્રિજ પાસે એલિવેટેડ કોરિડોર, મહિલાઓ માટે પિંક ટોયલેટ અને ફીડિંગ રૂમ તેમજ આગામી પાંચ વર્ષમાં 30,000 નવા આવાસો બનાવવાનું મહત્વનું આયોજન છે. આ ઉપરાંત, સુરસાગર તળાવ ખાતે અઠવાડિયામાં એકવાર સર્વેશ્વર મહાદેવની ભવ્ય આરતીનું નવું આયોજન પણ કરવામાં આવ્યું છે.**

# વડોદરામાં વિકાસના નામે હાલાકી: ટ્રાફિક અને ખોદકામથી જનતા પરેશાન

**દૈનિક પલ્સ સમાચાર:** સંસ્કારી નગરી વડોદરામાં આયોજન વગરના વિકાસના કારણે સામાન્ય જનતાનો શ્વાસ રુંધાઈ રહ્યો છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરભરમાં બ્રિજો અને ખોદકામની જે માયાજાળ બિછાવવામાં આવી છે, તેમાં એરપોર્ટથી ખોડીયાર નગર જતો માર્ગ સૌથી વધુ ભોગ બન્યો છે. અહીં બ્રિજની કામગીરી અને અન્ય આડેધડ ખોદકામે હજારો વાહનચાલકોની હાલત કફોડી કરી દીધી છે.

સત્તાધીશોની બેદરકારી તો જુઓ, માંડ બે મહિના પહેલા બનેલા રસ્તાઓ ફરીથી ખોદી નાખવામાં આવ્યા છે, જે સીધેસીધો ભ્રષ્ટાચાર અને અણઆવડતનો પુરાવો છે. ટ્રાફિક પોલીસ અને મ્યુનિસિપલ તંત્ર વચ્ચેના સંકલનના અભાવે વાહનચાલકો કલાકો સુધી અટવાય છે અને કિંમતી ઇંધણ બાળે છે. જનતાના સમયની અધિકારીઓને કોઈ કિંમત નથી. વિકાસના નામે પ્રજાને હેરાન કરવામાં આવી રહી છે, છતાં પોલીસ કે મ્યુનિસિપલ કમિશનર દ્વારા ટ્રાફિકના નિયમન કે વૈકલ્પિક માર્ગ માટે કોઈ જ નક્કર વ્યવસ્થા કરવામાં આવી નથી. જ્યારે પ્રજા રજૂઆત કરે છે ત્યારે માત્ર આશ્વાસનો મળે છે. શહેરીજનો હવે થાકીને કહી રહ્યા છે કે સાહેબ, જો વિકાસ કરવો હોય તો કરો, પણ પાયાની વૈકલ્પિક વ્યવસ્થા તો પૂરી પાડો. આ સ્થિતિ ક્યાં સુધી ચાલશે તે મોટો પ્રશ્ન છે




# શ્યામજી કૃષ્ણ વર્મા શાળામાં માતૃ-પિતૃ પૂજનનો કાર્યક્રમ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના લક્ષ્મીપુરા વિસ્તારમાં આવેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શ્યામજી કૃષ્ણ વર્મા પ્રાથમિક શાળામાં ભવ્ય માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ પૂર્વે બાળકોને પૂજન વિધિ અને તેના સામાજિક મહત્વ વિશે વિગતવાર સમજ આપવામાં આવી હતી.

આ પ્રેરણાદાયી કાર્યક્રમમાં બાળકોએ આધ્યાત્મિક માહોલમાં પોતાના માતા-પિતાના પગ ધોઈ, અબીલ-ગુલાલ અને પુષ્પો અર્પણ કરી વંદન કર્યા હતા. બાળકોએ વાલીઓની આરતી ઉતારી અને તિલક કરીને આશીર્વાદ મેળવ્યા હતા, જે જોઈ અનેક માતાઓની આંખો ભીની થઈ ગઈ હતી. શાળાના આચાર્યશ્રીએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું કે, માતા-પિતાના આશીર્વાદ એ જ સાચી મૂડી છે અને સંસ્કારી પેઢીના નિર્માણ માટે આ પ્રકારના કાર્યક્રમો અનિવાર્ય છે. શાળાના શિક્ષક ભાવિનભાઈ અને ઉષાબેને કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમ દ્વારા બાળકોમાં નૈતિક મૂલ્યોનું જતન કરવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

**વડોદરાની શ્યામજી કૃષ્ણ વર્મા પ્રાથમિક શાળામાં 'માતૃ-પિતૃ વંદના' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળકોએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ માતા-પિતાનું પૂજન કરી આશીર્વાદ લીધા હતા. આચાર્યશ્રીએ જીવનમાં માતા-પિતાના મહત્વ અને સંસ્કારો વિશે બાળકોને પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.**

## વડોદરાના ગોત્રીમાં આગ: 10 વર્ષના બાળકનું દિલધડક રેસ્ક્યુ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના ગોત્રી વિસ્તારમાં અયપ્પા મંદિર પાસે આવેલી જયરત્ન સોસાયટીમાં આજે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. એક રહેણાંક મકાનના પ્રથમ માળે રાખવામાં આવેલા ફટાકડાના જથ્થાને કારણે ભયાનક આગ ભભૂકી ઉઠી હતી. વારંવાર થતા ફટાકડાના બ્લાસ્ટને કારણે આસપાસના રહીશોમાં ગભરાટ ફેલાયો હતો.

આગ એટલી વિકરાળ હતી કે મકાનનો પ્રથમ માળ બળીને સંપૂર્ણ ખાખ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ વાસણા ફાયર સ્ટેશનના સબ ફાયર ઓફિસર જયદીપ ગઢવીની ટીમ અને વડીવાડી ફાયર સ્ટેશનની ત્રણ ગાડીઓ સ્થળ પર દોડી ગઈ હતી. ફાયર બ્રિગેડના જવાનોએ દિલધડક કામગીરી કરી મકાનના ત્રીજા માળે ફસાયેલા 10 વર્ષીય બાળક જૈમિન ડોડીયાને હેમખેમ બહાર કાઢ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ઘરમાં લગ્ન હોવાથી ફટાકડા રાખ્યા હતા, પરંતુ ત્યાં સુરક્ષાના કોઈ સાધનો નહોતા. હાલ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો છે.

## અભયમે આત્મહત્યાનો વિચાર કરતી યુવતીનો જીવ બચાવ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના ભાયલી વિસ્તારમાં પ્રેમમાં નિષ્ફળતા મળતા આત્મહત્યા કરવા જતી એક યુવતીનો જીવ અભયમ 181ની ટીમે બચાવ્યો છે. મૂળ ગોધરાની આ યુવતી છેલ્લા ચાર વર્ષથી વતનના જ એક યુવક સાથે પ્રેમ સંબંધમાં હતી અને વડોદરામાં સાથે રહેતા હતા. જોકે, છેલ્લા છ મહિનાથી યુવકે તેને વિદેશ જવાના બહાને બહેનના ઘરે મોકલી દઈ તમામ સંપર્ક તોડી નાખ્યા હતા.

યુવતીને જાણ થઈ હતી કે યુવક અન્ય યુવતી સાથે લગ્નની વાત કરી રહ્યો છે, જેના કારણે તે ઊંડા ડિપ્રેશનમાં સરી પડી હતી. આત્મહત્યાના વિચારો આવતા તેણે અભયમનો સંપર્ક કર્યો. અભયમની ટીમે ઘટનાસ્થળે પહોંચી યુવતીનું અસરકારક કાઉન્સેલિંગ કર્યું હતું. ત્યારબાદ યુવકને પણ બોલાવી તેની ભૂલ સમજાવી હતી. યુવકે પસ્તાવો વ્યક્ત કરતા અને યુવતીએ કાયદાકીય કાર્યવાહી ન કરવાની ઈચ્છા દર્શાવતા, બંને વચ્ચે સમજાવટથી સમાધાન કરાવવામાં આવ્યું હતું.

## વડોદરા: પ્રોફેસરો સામે એટ્રોસિટી હેઠળ ફરિયાદ દાખલ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાની પાયોનિયર આયુર્વેદિક કોલેજમાં પ્રોફેસરોની કથિત દાદાગીરીનો ભોગ બનેલા એક વિદ્યાર્થીએ આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી છે. BAMS ના વિદ્યાર્થી રોહન રાઠોડે આક્ષેપ કર્યો છે કે પ્રોફેસર ડૉ. કોમલ દેસાઈ અને ડૉ. ઋષિકેશ ખલેકર છેલ્લા એક વર્ષથી તેને માનસિક રીતે હેરાન કરી રહ્યા હતા. વિદ્યાર્થીના કહેવા મુજબ, તેના અસ્થમાની બીમારીની મજાક ઉડાવવામાં આવતી અને તબિયત બગડે ત્યારે હોસ્પિટલ લઈ જવાને બદલે તેને શિક્ષા કરવામાં આવતી હતી.

સૌથી ગંભીર બાબત એ છે કે વિદ્યાર્થીને તેની જાતિના આધારે નીચો બતાવવા માટે "તું કચરામાંથી આવે છે" જેવા અપમાનજનક શબ્દો વારંવાર બોલવામાં આવતા હતા. આ માનસિક ત્રાસ સહન ન થતા રોહને કોલેજના ત્રીજા માળેથી કૂદકો માર્યો હતો. પોલીસે આ મામલે ગંભીરતા દાખવી બંને પ્રોફેસરો સામે એટ્રોસિટી એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ફરિયાદ નોંધી છે.

ACP સી.બી.સોલંકીના માર્ગદર્શન હેઠળ પોલીસે અત્યાર સુધીમાં સ્ટાફ અને વિદ્યાર્થીઓ સહિત 100 થી વધુ લોકોની પૂછપરછ કરી છે. બીજી તરફ, કોલેજ મેનેજમેન્ટનું કહેવું છે કે અગાઉ ક્યારેય આ બાબતે લેખિત ફરિયાદ મળી નથી, છતાં હાલ પ્રોફેસરોને નોટિસ આપી તપાસ કમિટી બનાવી દેવામાં આવી છે. નિષ્પક્ષ તપાસ બાદ કડક કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી.

**સમાચાર તથા જાહેરાત આપવા સંપર્ક કરો : ૯૯૦૯૯૧૧૧૭૫**

# અમદાવાદ: દિવ્યાંગો માટે નિઃશુલ્ક ઈલેક્ટ્રોનિક કૃત્રિમ હાથ વિતરણ કેમ્પ

**દૈનિક પલ્સ સમાચાર:** જરૂરિયાતમંદ દિવ્યાંગ વ્યક્તિઓ રોજગારની તકો મેળવી શકે અને સ્વાભિમાન સાથે જીવન જીવી શકે તે માટે અમદાવાદમાં એક વિશેષ 'સેવા યજ્ઞ'નું આયોજન થયું છે. શિવાનંદ આશ્રમ ખાતે યોજાનારા આ કેમ્પમાં ઈનાલી ફાઉન્ડેશન પુનાના માધ્યમથી રોટરી ક્લબ અમદાવાદ મેટ્રો અને ફ્રિડમ-ડે કેર સેન્ટર દ્વારા નિઃશુલ્ક ઈલેક્ટ્રોનિક કૃત્રિમ હાથનું વિતરણ કરવામાં આવશે. આ આધુનિક કૃત્રિમ હાથની અનેક વિશેષતાઓ છે. તે વજનમાં હલકા હોવાથી દૈનિક જીવનમાં પહેરવામાં ખૂબ જ સરળ રહે છે. આ હાથ લગાડ્યા પછી વ્યક્તિ પેનથી લખવા, જાતે ભોજન લેવા, પાણી પીવા અને વાહન ચલાવવા જેવી પ્રવૃત્તિઓ જાતે જ કરી શકશે. દિવ્યાંગોને સામાજિક રીતે પુનઃસ્થાપિત કરવા માટેનો આ એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. કેમ્પમાં લાભ લેવા માટે આગોતરું રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે. નોંધણી કરાવવા માટે ભાવિન પરમાર (99740 88802), હરીશભાઈ પરમાર (87807 52326) અથવા અતુલ પરીખ (98250 11548) નો સંપર્ક કરી શકાય છે. રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૧૨ માર્ચ, ૨૦૨૬ છે. આ સેવાનો લાભ લઈને દિવ્યાંગો ફરી એકવાર આત્મનિર્ભર બની સમાજમાં ગૌરવભેર આગળ વધી શકશે.




### વડોદરામાં નશામાં ધૂત થાર ચાલકનો ભયાનક અકસ્માત



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના હરીનગર બ્રિજ પર પૂરપાટ ઝડપે જતી થાર કારે અકસ્માત સર્જ્યો હતો. મોડી રાત્રે 3 વાગ્યે નશામાં ચૂર ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા કાર ડિવાઈડર અને લોખંડના પોલ સાથે અથડાઈ હતી. અકોટા પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ કરતા ચાલક નશાની હાલતમાં જણાઈ આવ્યો હતો. પોલીસે આરોપી અભિરુધ્ધ સાવંત સામે ગુનો નોંધી કાર કબજે લીધી છે. સદનસીબે આ અકસ્માતમાં જાનહાનિ ટળી હતી.

### વડોદરામાં CBSE પરીક્ષા શરૂ: ધમકી છતાં વાલીઓ નિશ્ચિંત



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં આજથી CBSE બોર્ડની પરીક્ષાઓનો ઉત્સાહભેર પ્રારંભ થયો છે. 11 કેન્દ્રો પર 16,000 થી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. ગઈકાલે શહેરની 25 સ્કૂલોમાં બોમ્બની ધમકી મળી હતી, પરંતુ તંત્રની કડક સુરક્ષા વ્યવસ્થાને જોતા વાલીઓએ પોલીસ પર ભરોસો વ્યક્ત કર્યો છે. પેપરની ગુપ્તતા જાળવવા બેંકના સ્ટ્રોંગ રૂમમાં પેપર રાખવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ કોઈ પણ પ્રકારના ભય વગર પરીક્ષા કેન્દ્રો પર પહોંચ્યા છે.

### શિવજી કી સવારીમાં ચોરી કરતી ગેંગને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં મહાશિવરાત્રીની 'શિવજી કી સવારી' દરમિયાન ભીડનો લાભ ઉઠાવી મહિલાઓની સોનાની ચેઈન ચોરતી પાલનપુરની ગેંગ સક્રિય થઈ હતી. ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ સર્વેલન્સના આધારે બે રિક્ષામાં મુસાફરી કરતા 6 રીઢા ગુનેગારોને ઝડપી લીધા છે. આરોપીઓ કટરથી ચેઈન કાપીને સાગરીતોને સોંપી દેવાની મોડસ ઓપરેન્ડી ધરાવતા હતા. પોલીસે ચેઈન, મોબાઈલ અને રિક્ષા મળી કુલ ₹4.61 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

# ડાંગ: કલેક્ટર શાર્લિની દુહાનના અધ્યક્ષસ્થાને બોડ પરીક્ષાની સમીક્ષા

## ડાંગ જિલ્લામાં બોર્ડ પરીક્ષાની તૈયારીઓ: કલેક્ટરે યોજી બેઠક



રિપોર્ટ:સચિન પવાર/ડાંગ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી 26 ફેબ્રુઆરીથી શરૂ થતી ધોરણ 10 અને 12ની પરીક્ષાઓ ડાંગ જિલ્લામાં શાંતિપૂર્ણ અને તણાવમુક્ત વાતાવરણમાં યોજાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. ડાંગ જિલ્લા કલેક્ટર સુશ્રી શાલિની દુહાનના અધ્યક્ષસ્થાને આજે પરીક્ષાની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. પરિવહન અને ટ્રાફિક પર વિશેષ ધ્યાન: આગામી 26 ફેબ્રુઆરીથી જ ડાંગ દરબારના મેળાનો પ્રારંભ થઈ રહ્યો છે, જે પરીક્ષાના પ્રથમ દિવસ સાથે સુસંગત છે. આ બાબતને ધ્યાને રાખીને કલેક્ટરશ્રીએ ખાસ સૂચના આપી હતી કે જિલ્લાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા પરીક્ષાર્થીઓને કેન્દ્રો સુધી પહોંચવામાં ટ્રાફિક કે અન્ય કોઈ અવરોધ ન નડે તે માટે પોલીસ વિભાગે સઘન પેટ્રોલિંગ કરવું. એસ.ટી. વિભાગને બસોની વૈકલ્પિક વ્યવસ્થા તૈયાર રાખવા જણાવાયું છે જેથી જો કોઈ બસ રસ્તામાં બંધ પડે તો વિદ્યાર્થીઓનો સમય ન બગડે.

જિલ્લા શિક્ષણાધિકારી જીગ્નેશ ત્રીવેદીએ બેઠકમાં જણાવ્યું કે, ડાંગ જિલ્લામાં કુલ 25 કેન્દ્રોના 220 બ્લોક ફાળવવામાં આવ્યા છે. જેમાં:

- ધોરણ 10 (SSC): 16 પેટા કેન્દ્રો પર 3,759 વિદ્યાર્થીઓ.
- ધોરણ 12 (સામાન્ય પ્રવાહ): 7 પેટા કેન્દ્રો પર 2,160 વિદ્યાર્થીઓ.
- ધોરણ 12 (વિજ્ઞાન પ્રવાહ): 2 કેન્દ્રો પર 420 વિદ્યાર્થીઓ. કુલ મળીને 6,339 પરીક્ષાર્થીઓ નોંધાયા છે. પરીક્ષા દરમિયાન તમામ કેન્દ્રો પર CCTV કેમેરાનું સતત મોનિટરિંગ કરવામાં આવશે. વિભાગીય જવાબદારીઓ: કલેક્ટરે વીજ કંપનીને ક્લાસરૂમમાં સતત વીજ પુરવઠો જળવાઈ રહે તે જોવા અને આરોગ્ય વિભાગને કોઈપણ ઈમરજન્સી માટે કેન્દ્રો પર તૈનાત રહેવા આદેશ આપ્યા છે. બેઠકમાં પ્રાથમિક શિક્ષણાધિકારી વિજય દેશમુખ સહિત શિક્ષણ સમિતિના સભ્યો અને અન્ય વહીવટી અધિકારીઓ હાજર રહ્યા હતા. સમગ્ર ડાંગ જિલ્લામાં પરીક્ષા લક્ષી તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

**ડાંગ જિલ્લામાં આગામી 26 ફેબ્રુઆરીથી શરૂ થનારી ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષાઓના સુચારૂ સંચાલન માટે કલેક્ટર શાલિની દુહાનના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જિલ્લામાં કુલ 25 કેન્દ્રોના 220 બ્લોકમાં 6,339 વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે. ખાસ કરીને પરીક્ષાના દિવસે જ ડાંગ દરબારનો પ્રારંભ થતો હોવાથી, વિદ્યાર્થીઓને ટ્રાફિકની સમસ્યા ન નડે અને બસની વૈકલ્પિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે કલેક્ટરે અધિકારીઓને કડક સૂચના આપી છે. વીજ પુરવઠો, CCTV મોનિટરિંગ અને આરોગ્ય સુવિધાઓ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.**

# અધિકારીઓ માટે નવી સ્કોરિંગ સિસ્ટમ: હવે 100 પોઈન્ટ પર થશે મૂલ્યાંકન

**દૈનિક પલ્સ સમાચાર:** કેન્દ્ર સરકારે સરકારી અધિકારીઓની કાર્યશૈલીમાં સુધારો કરવા અને જવાબદારી નક્કી કરવા માટે એક વ્યાપક સ્કોરિંગ સિસ્ટમ રજૂ કરી છે. આ નવીન પ્રણાલી હેઠળ, અધિકારીઓનું મૂલ્યાંકન હવે માત્ર કાગળ પરના દાવાઓ (Self-assessment) દ્વારા નહીં, પરંતુ ઓબ્જેક્ટિવ ક્રાઈટેરિયા અને માપી શકાય તેવા પરિણામોના આધારે કરવામાં આવશે. 100 પોઈન્ટના સ્કેલ પર તૈયાર થનારા આ રિપોર્ટ કાર્ડમાં જથ્થાત્મક ગુણ અને વિશેષ કામગીરી માટેના વિવેકાધીન ગુણનો સમાવેશ થાય છે.

આ સિસ્ટમની સીધી અસર જાહેર સેવાઓ પર જોવા મળશે. ગ્રાન્ટની ફાળવણી અને લાયસન્સ મેળવવાની પ્રક્રિયા હવે વધુ ઝડપી બનશે, જેનો સીધો લાભ નાગરિકો, મોટા વ્યવસાયો અને ઉભરતા સ્ટાર્ટઅપ્સને મળશે. વહીવટી કેલેન્ડર મુજબ, કેબિનેટ સચિવે સપ્ટેમ્બરથી નવેમ્બર 2025 સુધીનો પ્રથમ ત્રિમાસિક રિપોર્ટ તૈયાર કર્યો છે. આ સાથે જ, જાન્યુઆરી 2026માં વર્ષ 2025નો સંપૂર્ણ વહીવટી અહેવાલ પણ ઉચ્ચ સત્તાધીશોને સોંપવામાં આવ્યો છે. આ પ્રણાલીમાં માત્ર ભૂલો પર ધ્યાન આપવાને બદલે પ્રોત્સાહન પર પણ ભાર મુકાયો છે. જે અધિકારીઓ પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ અથવા વિશેષ યોગદાન આપશે તેમને 'ફાઈવ-સ્ટાર' રેટિંગ આપી સન્માનિત કરવામાં આવશે. આ પગલાથી વહીવટી માળખામાં સ્પર્ધાત્મકતા અને પારદર્શિતા વધવાની આશા છે.



રિપોર્ટ : તેજસ જોશી

# નસવાડીમાં 12.62 લાખના મુદ્દામાલ સાથે વિદેશી દારૂ ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** છોટાઉદેપુર જિલ્લામાં દારૂબંધીના કડક અમલ માટે પોલીસ સતર્ક બની છે. એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે વડીયા કેનાલ રોડ પર સ્વિફ્ટ ગાડીના પાયલોટીંગમાં સફારી સ્ટ્રોમ ગાડી દ્વારા દારૂની હેરાફેરી થઈ રહી છે. બાતમી મુજબની ગાડી આવતા પોલીસે તેને રોકવાનો ઈશારો કર્યો હતો, પરંતુ ચાલકે ગાડી હંકારી મુકી હતી. ભાગવાની કોશિશમાં ગાડી ઝાડ સાથે અથડાતા ટાયર ફાટી ગયું હતું અને ચાલક ફરાર થઈ ગયો હતો. તલાશી લેતા સફારી ગાડીમાંથી વિદેશી દારૂની 1293 બોટલો મળી આવી હતી, જેની કિંમત ₹4.56 લાખથી વધુ છે. પોલીસે ગુનામાં વપરાયેલી સ્વિફ્ટ અને સફારી ગાડી, રોકડ અને મોબાઈલ મળી કુલ ₹12.62 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે પોલીસે નવજીભાઈ ભીલ અને રીનેશભાઈ ભીલ નામના બે શખ્સોની ધરપકડ કરી છે. તપાસમાં ખૂલ્યું છે કે પકડાયેલ આરોપી અગાઉ પણ દારૂના ગુનામાં સંડોવાયેલ છે.

**રિપોર્ટ : મેરુ ભરવાડ છોટાઉદેપુર**

**છોટાઉદેપુર એલ.સી.બી.એ નસવાડીના વડીયા કેનાલ પાસે દારૂની હેરાફેરી નિષ્ફળ બનાવી છે. પાયલોટીંગ કરતી સ્વિફ્ટ અને સફારી સ્ટ્રોમ ગાડીમાંથી ₹4.56 લાખનો વિદેશી દારૂ મળી કુલ ₹12.62 લાખનો મુદ્દામાલ જપ્ત કરી બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે.**




# બોટાદના ડૉ. સંજય કણજરીયાએ ભંગદરની સારવારમાં નોંધાવ્યો વર્લ્ડ રેકોર્ડ

**દૈનિક પલ્સ સમાચાર:** બોટાદમાં સેવા આપતા હોમિયોપેથીક નિષ્ણાત ડૉ. સંજય કણજરીયાએ તબીબી ઇતિહાસમાં એક નવો અધ્યાય લખ્યો છે. તેમણે 55 mm લંબાઈ ધરાવતા ભંગદરને કોઈપણ ચીરા કે ઓપરેશન વગર માત્ર સચોટ હોમિયોપેથીક દવાઓથી સાજો કરીને બીજી વખત 'વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયા'માં પોતાનું નામ નોંધાવ્યું છે. આ અસાધારણ સિદ્ધિ બદલ તેમને ગોલ્ડ મેડલ, શિલ્ડ અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા છે. રાજકોટના દર્દી જિગ્નેશભાઈ શિનોજિયા ત્રણ વખત ઓપરેશન કરાવ્યા બાદ પણ આ બીમારીથી પીડાતા હતા. અંતે તેમણે બોટાદના શિવ હોમિયોપેથીક ક્લિનિકનો સંપર્ક કર્યો અને ડૉ. સંજયની સારવાર હેઠળ માત્ર સાડા ત્રણ મહિનામાં તેઓ સંપૂર્ણ સાજા થયા. 24 જાન્યુઆરી 2026 ના રોજ MRI સ્કેન દ્વારા પુષ્ટિ મળી કે ભંગદર જડમૂળથી ગાયબ થઈ ગયો છે. ડૉ. સંજય કણજરીયાએ અગાઉ 21 mm ના ભંગદરનો રેકોર્ડ બનાવ્યો હતો, જે હવે તેમણે 55 mm ના કેસમાં સફળતા મેળવીને તોડ્યો છે. છેલ્લા 6 વર્ષથી સેવારત ડૉ. સંજય અત્યાર સુધીમાં હરસ, મસા અને પથરી જેવી બીમારીઓના અંદાજે 10,000 થી વધુ દર્દીઓને ઓપરેશન વગર રાહત અપાવી ચુક્યા છે. વર્ષ 2024 ના સ્વાતંત્ર્ય પર્વે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા દ્વારા તેમની પ્રશંસનીય કામગીરીને બિરદાવવામાં આવી હતી. આ સિદ્ધિ હોમિયોપેથીની શક્તિ અને ડૉક્ટરના સચોટ નિદાનનો પુરાવો આપે છે.



રિપોર્ટ : કનુભાઈ ખાચર

# ભુજમાં ભરતનાટ્યમ આરંગેત્રમ પ્રસંગે ડૉ. કિન્જલબેન દવેનું ભવ્ય સન્માન



**દૈનિક પલ્સ સમાચાર**: કચ્છની કલાપ્રિય જનતા માટે ૧૫ ફેબ્રુઆરીનો દિવસ યાદગાર બની રહ્યો. મહાશિવરાત્રીના પાવન પર્વે ભુજ ટાઉન હોલ ખાતે નુપુર એકેડમીની વિદ્યાર્થીની કુ. દિયા ચૌહાણનો 'ભરતનાટ્યમ આરંગેત્રમ' કાર્યક્રમ ભવ્ય રીતે સંપન્ન થયો હતો. આ પ્રસંગ કલા જગત માટે એટલા માટે મહત્વનો હતો કારણ કે અહીં નૃત્ય ભારતી સંસ્થાના સંચાલિકા ડૉ. કિન્જલબેન દવે (ગુરુ), વૈશાલીબેન સોલંકી (શિષ્યા) અને કુ. દિયા ચૌહાણ (પ્રશિષ્યા) એમ ત્રણ પેઢીનો સંગમ એક જ મંચ પર જોવા મળ્યો હતો.

ભારતીય શાસ્ત્રીય નૃત્ય અને સંસ્કૃતિના જતન માટે જીવન સમર્પિત કરનાર ડૉ. કિન્જલબેન દવેનું આ અવસરે ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રીય નૃત્ય ક્ષેત્રે તેમના વિશિષ્ટ યોગદાન અને અનેક શિષ્યો તૈયાર કરવાની તેમની શૈક્ષણિક સેવાની ઉપસ્થિત મહાનુભાવોએ મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. આ રૂડા અવસરે આર્ષ અધ્યયન કેન્દ્ર, ભુજના પરમ પૂજ્ય સ્વામી પ્રદિપ્તાનંદ સરસ્વતીજીની દિવ્ય હાજરી રહી હતી. તેમણે ભારતીય કલા અને આધ્યાત્મિકતાના જોડાણ વિશે માર્ગદર્શન આપી દિયા ચૌહાણને આશીર્વાદ આપ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત અન્ય વિશિષ્ટ મહેમાનોએ પણ ડૉ. કિન્જલબેનની કાર્યશક્તિ અને કલા પ્રત્યેના લગાવને બિરદાવ્યો હતો. ચૌહાણ પરિવાર અને શ્રીમતી વૈશાલીબેન મનોજભાઈ સોલંકી દ્વારા કાર્યક્રમનું આયોજન અત્યંત સુઘડ અને ભવ્ય રીતે કરવામાં આવ્યું હતું. કુ. દિયા ચૌહાણની પ્રસ્તુતિએ ઉપસ્થિત કલા રસિકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સમગ્ર ભુજ શહેરમાંથી મોટી સંખ્યામાં કલાપ્રેમીઓ અને મહાનુભાવોએ હાજરી આપી કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના સમાપન સમયે સૌએ ડૉ. કિન્જલબેન દવેને તેમના ઉજ્જવળ ભવિષ્ય અને શાસ્ત્રીય નૃત્યની આ પરંપરાને અવિરત ચાલુ રાખવા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

**ભુજ ખાતે ટાઉન હોલ માં મહાશિવરાત્રીના પાવન પર્વે ભરતનાટ્યમ આરંગેત્રમનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. નુપુર એકેડમીના વૈશાલીબેન સોલંકીની શિષ્યા કુ. દિયા ચૌહાણે કલાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. આ કાર્યક્રમમાં ગુરુ-શિષ્યાની ત્રણ પેઢીઓ એક મંચ પર જોવા મળી હતી. ભારતીય શાસ્ત્રીય નૃત્યક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપનાર નૃત્ય ભારતી સંસ્થાના સંચાલિકા ડૉ. કિન્જલબેન દવેનું વિશેષ સન્માન કરાયું હતું. સ્વામી પ્રદિપ્તાનંદ સરસ્વતીજીની દિવ્ય ઉપસ્થિતિમાં મહાનુભાવોએ ડૉ. કિન્જલબેનની કલા સાધનાને બિરદાવી તેમને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.**

# શોધ-શિખર 2026: ગણપત યુનિવર્સિટીએ જીત્યા 5 આંતરરાષ્ટ્રીય એવોર્ડ

## ભોપાલ કોન્ફરન્સમાં ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનો દબદબો

**દૈનિક પલ્સ સમાચાર:** ભોપાલની સુપ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા "રવિન્દ્રનાથ ટાગોર યુનિવર્સિટી" દ્વારા આયોજિત પાંચમી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ અને ઇનોવેટિવ કોમ્પિટિશન "શોધ-શિખર : 2026" માં ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી પાંચ મોટા એવોર્ડ્સ જીત્યા છે. આ કોન્ફરન્સમાં વિશ્વભરમાંથી 800 થી વધુ રિસર્ચ પેપર્સ અને 86 ઇનોવેટિવ પ્રોજેક્ટ્સની રજૂઆત કરવામાં આવી હતી.

ગણપત યુનિવર્સિટીના 35 વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના "સેન્ટર ફોર એડવાન્સ રિસર્ચ સ્ટડીઝ" ના માર્ગદર્શન હેઠળ 16 ઇનોવેટિવ પ્રોજેક્ટ્સ અને 5 રિસર્ચ પેપર્સ રજૂ કર્યા હતા. જેમાંથી નીચે મુજબની શ્રેણીમાં પુરસ્કારો મળ્યા છે:

1. પ્લેટિનમ પ્રાઈઝ (પ્રોજેક્ટ): 'અલ્ટ્રાસોનિક ગ્લાસીસ ફોર બ્લાઇન્ડ' - હિમાંશુ માડમ અને પ્રશાંત સિંઘ (રોકડ ₹20,000).

- સિલ્વર પ્રાઈઝ (પ્રોજેક્ટ): 'સ્કાય ટ્રેક એઆઈ' - વિવેક નાયી (રોકડ ₹10,000).
- પ્લેટિનમ પ્રાઈઝ (રિસર્ચ પેપર): 'જીસીએન બેઝ ગ્રાફ ક્લાસિફિકેશન' - દેવર્ષી પટેલ અને ડૉ. મેઘના પટેલ (રોકડ ₹10,000).
- કોન્સોલેશન પ્રાઈઝ: 'સ્માર્ટ ફાર્મિંગ એગ્રિકલ્ચર એપ્લિકેશન રોબોટ' અને 'ઓટોમેટેડ પાઇરેટ ડિટેક્શન સિસ્ટમ' (દરેકને રોકડ ₹5,000).

આ ગૌરવશાળી સિદ્ધિને ગણપત યુનિવર્સિટીના જોઈન્ટ પ્રેસિડેન્ટ પ્રો. ડો. મહેન્દ્ર શર્મા, ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. રાકેશ પટેલ, પ્રો વાઇસ ચાન્સેલર ડૉ. ગિરીશ પટેલ અને રિસર્ચ ડાયરેક્ટર પ્રો. ડૉ. અજયકુમાર ગુપ્તાએ હૃદયપૂર્વક બિરદાવી હતી. યુનિવર્સિટીના સત્તાધીશોએ જણાવ્યું કે વિદ્યાર્થીઓના સંશોધનોમાં રહેલી મૌલિકતા અને સામાજિક ઉપયોગિતા આ સફળતાનું મુખ્ય કારણ છે. ભોપાલની ટાગોર યુનિવર્સિટીએ પણ ગણપત યુનિવર્સિટીની સંશોધન ક્ષેત્રે રહેલી પ્રતિબદ્ધતાની ભારે પ્રશંસા કરી હતી. આ સિદ્ધિથી યુનિવર્સિટીના શૈક્ષણિક વાતાવરણમાં ઉત્સાહનો માહોલ છે.



રિપોર્ટ : ચેતન રાજપૂત

**ભોપાલની રવિન્દ્રનાથ ટાગોર યુનિવર્સિટી ખાતે યોજાયેલી પાંચમી ઇન્ટરનેશનલ કોન્ફરન્સ "શોધ-શિખર : 2026" માં ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા મેળવી છે. 800 રિસર્ચ પેપર્સ અને 86 ઇનોવેટિવ પ્રોજેક્ટ્સની સ્પર્ધા વચ્ચે ગણપત યુનિવર્સિટીને 2 પ્લેટિનમ અને 1 સિલ્વર સહિત કુલ પાંચ એવોર્ડ પ્રાપ્ત થયા છે. ખાસ કરીને અંધજનો માટેના 'અલ્ટ્રાસોનિક ગ્લાસીસ' અને 'ગ્રાફ ક્લાસિફિકેશન' રિસર્ચ પેપરને પ્લેટિનમ એવોર્ડ મળ્યા છે. યુનિવર્સિટીના શ્રેષ્ઠ માર્ગદર્શન હેઠળ 35 વિદ્યાર્થીઓએ આ વૈશ્વિક સ્પર્ધામાં પોતાની પ્રતિભા દર્શાવી હતી.**

# પ્રાંતિજમાં આશા બહેનોનું સંમેલન યોજાયું: શ્રેષ્ઠ કામગીરીનું કરાયું સન્માન

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા હેલ્થ ઓફિસ ખાતે ગત 16 ફેબ્રુઆરીના રોજ એક પ્રેરણાદાયી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. પંકજ કટારાની અધ્યક્ષતામાં યોજાયેલા આ સંમેલનમાં તાલુકાભરની આશા બહેનો અને ફેશિલેટર બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ્ય તાલુકામાં ચાલી રહેલા વિવિધ આરોગ્ય પ્રોગ્રામોની સમીક્ષા કરવાનો અને ક્ષેત્ર સ્તરે આવતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવાનો હતો. પ્રાંતિજ તાલુકાના અધિકારીઓ અને નિષ્ણાત કર્મચારીઓ દ્વારા માતા-બાળ કલ્યાણ, રસીકરણ અને અન્ય મહત્વની યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વહીવટી તંત્ર દ્વારા એ વાતનો સ્વીકાર કરવામાં આવ્યો હતો કે આશા બહેનો આરોગ્ય વિભાગ અને સામાન્ય જનતા વચ્ચેના સેતુ સમાન છે. કાર્યક્રમના અંતે, શિસ્તબદ્ધ અને અત્યંત સરાહનીય કામગીરી કરનાર આશા બહેનો અને ફેશિલેટરોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમને ગિફ્ટ એનાયત કરી બિરદાવવામાં આવ્યા હતા, જેનો હેતુ તેમના મનોબળમાં વધારો કરવાનો અને ભવિષ્યમાં વધુ સારી સેવાઓ માટે પ્રેરિત કરવાનો હતો. આ સંમેલનથી આરોગ્ય કર્મચારીઓ વચ્ચેના સંકલનમાં વધારો થશે અને તાલુકાના આરોગ્ય સ્તરમાં સુધારો જોવા મળશે તેવી અપેક્ષા રાખવામાં આવી છે.



રિપોર્ટ : સોમાજી ચૌહાણ


'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'

# થરાદમાં નશાના સોદાગરો પર ત્રાટકી પોલીસ: MD ડ્રગ્સ જપ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા જિલ્લાના થરાદમાં પોલીસે ડ્રગ્સ માફિયાઓ વિરુદ્ધ મોટી કાર્યવાહી હાથ ધરી છે. રાજ્ય સરકારની "ઝીરો ટોલરન્સ ફોર ડ્રગ્સ" ની નીતિને અમલી બનાવતા થરાદ ટાઉન પોલીસે બે શખ્સોને મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સાથે પકડી પાડ્યા છે. આ કાર્યવાહીથી વિસ્તારના નશાના સોદાગરોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે.

રેન્જ આઈજી શ્રી ચિરાગ કોરાડિયા અને બનાસકાંઠા એસપી શ્રી ચિંતન તેરૈયાના માર્ગદર્શન હેઠળ થરાદ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન ચોક્કસ મળેલી બાતમીને આધારે પોલીસે થરાદ શહેરમાં નાકાબંધી કરી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન એક મોટરસાયકલ (નંબર GJ08CD9805) પર સવાર બે શખ્સોને અટકાવવામાં આવ્યા હતા. તેમની પૂછપરછ અને જડતી લેતા તેમની પાસેથી 2.320 ગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સ મળી આવ્યું હતું.

મુદ્દામાલની વિગતો:

- મેફેડ્રોન (MD) ડ્રગ્સ (2.320 ગ્રામ): કિંમત ₹23,200, મોબાઈલ ફોન (2 નંગ): કિંમત ₹15,000, મોટરસાયકલ: કિંમત ₹50,000, કુલ જપ્ત મુદ્દામાલ: ₹88,200

પોલીસના હાથે ઝડપાયેલા શખ્સોમાં થરાદના ઘોરાસ વિસ્તારમાં રહેતા સુજલ યાસીનભાઈ સિપાઈ અને પંચવટી વિસ્તારના સાહિલ ગણીભાઈ ગાંધીનો સમાવેશ થાય છે. આ સફળ કામગીરીમાં થરાદ ટાઉન પીઆઈ એ.ટી. પટેલ, એએસઆઈ દશરથભાઈ નાનજીભાઈ, એએસઆઈ હરિસિંહ વિજાભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ અમૃતભાઈ રામદાસભાઈએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. થરાદ પોલીસે બંને શખ્સો વિરુદ્ધ NDPS એક્ટ મુજબ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ હવે એ તપાસ કરી રહી છે કે આ શખ્સો ડ્રગ્સનો જથ્થો ક્યાંથી લાવ્યા હતા અને થરાદ કે આસપાસના વિસ્તારમાં અન્ય કોને આ નશાનો સામાન વેચવાનો હતો. આ કાર્યવાહીથી સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો છે અને પોલીસની આ સક્રિયતાને બિરદાવી છે.


રિપોર્ટ :ભાનુભાઈ પરમાર




# સાવલી: 75 કુપોષિત સગર્ભા મહિલાઓને ન્યુટ્રીશન કીટનું વિતરણ કરાયું

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં આરોગ્ય વિભાગ અને સામાજિક સંસ્થાઓના સમન્વયથી માનવતાલક્ષી કાર્યક્રમ યોજાયો હતો. સાવલી તાલુકા હેલ્થ સેન્ટર ખાતે કુપોષિત સગર્ભા મહિલાઓના ઉત્કર્ષ માટે ન્યુટ્રીશન કીટ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વડાપ્રધાનના 'સ્વસ્થ માતા સ્વસ્થ બાળ'ના વિઝનને સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે શ્રીરંગ સેવાતીર્થ ફાઉન્ડેશન અને કોચ એન્જિનિયરિંગ સોલ્યુશન પ્રા.લી. દ્વારા આ કીટનું સૌજન્ય પૂરું પાડવામાં આવ્યું હતું. જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મીનાક્ષી ચોવ્હાણના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં સાવલી તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. એચ.એસ. ખાનની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કુલ 75 જેટલી જરૂરિયાતમંદ સગર્ભા મહિલાઓને જરૂરી વિટામિન અને પોષકતત્વો ધરાવતી કીટ આપવામાં આવી હતી. આ પ્રસંગે શ્રીરંગ સેવાતીર્થ ફાઉન્ડેશનના પ્રમુખ કનુભાઈ લીમ્બાચીયા, ઉપપ્રમુખ કમલેશભાઈ વાળંદ, જયેશભાઇ દેસાઈ અને અરવિંદ ભાઈ રાઠવા સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા. વક્તાઓએ સગર્ભા અવસ્થા દરમિયાન પોષણના મહત્વ વિશે સમજૂતી આપી હતી અને જણાવ્યું હતું કે ખાનગી કંપનીઓ અને સામાજિક સંસ્થાઓ જ્યારે સરકાર સાથે મળીને કામ કરે છે ત્યારે સમાજના અંતિમ છેડા સુધી લાભ પહોંચાડી શકાય છે. આ પહેલથી સ્થાનિક સ્તરે કુપોષણ સામેની લડતને વધુ બળ મળશે.



રિપોર્ટ : સુરેન્દ્રસિંહ ડી ચૌહાણ

# સાબરકાંઠા જિલ્લાની આખરી મતદાર યાદી જાહેર: 10.77 લાખ મતદારો

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે વહીવટી તંત્ર દ્વારા મતદાર યાદીની આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર લલિત નારાયણ સિંહ સાદુંની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં જિલ્લાની આખરી મતદાર યાદી સત્તાવાર રીતે પ્રસિદ્ધ કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો મુજબ, ચૂંટણી આયોગના માર્ગદર્શન હેઠળ છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહેલી ખાસ સુધારણા ઝુંબેશ બાદ આ યાદી તૈયાર કરવામાં આવી છે. જેમાં બીએલઓ દ્વારા ક્ષતિરહિત યાદી બનાવવા માટે બૂથ લેવલે સઘન કામગીરી કરવામાં આવી હતી. આ નવી યાદી મુજબ સાબરકાંઠા જિલ્લામાં હવે કુલ 10,77,301 મતદારો મતાધિકાર ધરાવે છે. આખરી યાદી પ્રસિદ્ધ થવા સાથે જ રાજકીય પક્ષોમાં પણ આગામી તાલુકા, જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓ માટે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કલેક્ટરે જણાવ્યું હતું કે, આ યાદીમાં નવા મતદારોના નામ ઉમેરવા અને મરણ પામેલા કે સ્થળાંતરિત મતદારોના નામ કમી કરવાની પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવી છે. હવે ટૂંક સમયમાં જ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે, જે માટે વહીવટી તંત્ર સજ્જ છે.



રિપોર્ટ : જનક જાદવ

**સાબરકાંઠા જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સિંહ સાદું દ્વારા આખરી મતદાર યાદી જાહેર. જિલ્લામાં કુલ 10,77,301 મતદારો નોંધાયા.**

# સાબર ડેરીમાં દૂધનું મોટું કૌભાંડ? હનુમાન ખીજડીયાથી રોજ 10,000 લિટર

## સાબર ડેરી: પશુ વગર 10 હજાર લિટર દૂધ ક્યાંથી આવ્યું?

**દૈનિક પલ્સ સમાચાર:** સહકારી ડેરી ક્ષેત્રમાં દૂધના નામે ચાલતા સંભવિત મસમોટા કૌભાંડની વિગતો બહાર આવતા ખળભળાટ મચી ગયો છે. અમરેલીના વડિયા તાલુકાના (વિસાવદર પાસે) હનુમાન ખીજડીયા ગામથી દરરોજ ૧૦,૦૦૦ લિટર દૂધનો જથ્થો ભરાવવામાં આવે છે, જે સીધો સાબરકાંઠાની સાબર ડેરીની મંડળીઓમાં ઠલવાય છે. આ શંકાસ્પદ દૂધનો જથ્થો સાબર ડેરી હેઠળ આવતા માધવ શીત કેન્દ્ર (તાલોદ), નવી બોરડી આદર્શ ડેરી, આમોદરા ભાથીજી દૂધ મંડળી અને સૌથી ચોંકાવનારી વાત એ છે કે સાબર ડેરીના ચેરમેનના પોતાના ગામ જુના પીપોદરાની મંડળીમાં પણ ખાલી કરવામાં આવે છે.

**૧.** પશુધનનો અભાવ: સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, હનુમાન ખીજડીયા ગામમાં પૂરતા પ્રમાણમાં પશુઓ પણ નથી. તો પછી આ ૧૦,૦૦૦ લિટર દૂધનું ઉત્પાદન કઈ રીતે શક્ય છે? **૨.** નિયમ વિરુદ્ધ કામગીરી: સહકારી ડેરીના નિયમો મુજબ, મંડળીમાં માત્ર જે-તે ગામના સભાસદો જ દૂધ ભરાવી શકે છે. તો પછી આટલે દૂરથી આવતું દૂધ કોના નામે અને કયા દસ્તાવેજોના આધારે સ્વીકારવામાં આવે છે? **3.** શુદ્ધતા પર સવાલ: જો આટલા મોટા પ્રમાણમાં કુદરતી દૂધ ઉત્પાદન થતું નથી, તો શું આ સિન્થેટિક કે ભેળસેળયુક્ત દૂધ છે જે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહ્યું છે?

આ કૌભાંડમાં મંડળીના મંત્રીઓથી લઈને ડેરીના પદાધિકારીઓની મિલીભગત હોવાની પ્રબળ આશંકા છે. ચેરમેનના ગામની મંડળીમાં પણ આ દૂધ જતું હોવાથી શંકાની સોય ઉચ્ચ સ્તર સુધી પહોંચી છે. પશુપાલકો અને ગ્રાહકોના હિતમાં આ નેટવર્કની તટસ્થ તપાસ થવી જોઈએ કે આખરે આ 'પશુ વિનાનું દૂધ' કયા કારખાનામાં બને છે અને કોના ખિસ્સા ભરે છે.


રિપોર્ટ : દિપક પરમાર

**અમરેલી જિલ્લાના વડિયા તાલુકાના હનુમાન ખીજડીયા ગામે દૂધના વ્યવસાયમાં મોટી ગેરરીતિની શંકા જાગી છે. આ ગામમાંથી દરરોજ ૧૦,૦૦૦ લિટર જેટલો દૂધનો જથ્થો સાબર ડેરી હસ્તકના માધવ શીત કેન્દ્ર, તાલોદ, નવી બોરડી આદર્શ ડેરી, આમોદરા અને જુના પીપોદરા મંડળીઓમાં મોકલવામાં આવે છે. આશ્ચર્યની વાત એ છે કે આ વિસ્તારમાં પૂરતા પ્રમાણમાં પશુઓ પણ નથી. પશુઓ વિના આટલો મોટો જથ્થો ક્યાંથી તૈયાર થાય છે અને સહકારી ડેરીના નિયમો વિરુદ્ધ કોના નામે આ દૂધ જમા લેવામાં આવે છે તેવા અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે.**

# મહાશિવરાત્રિ મેળો: રાજકોટ એસટીને 119 ટ્રીપ દ્વારા ₹7.3 લાખની આવક

**દૈનિક પલ્સ સમાચાર:** મહાશિવરાત્રિના પાવન પર્વ પર ભવનાથ તળેટીમાં ઉમટેલા લાખો શ્રદ્ધાળુઓ માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા વધારાની બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજકોટ વિભાગ દ્વારા તા. 11 થી 15 ફેબ્રુઆરી સુધી કરાયેલા આ વિશેષ સંચાલનમાં કુલ 119 ટ્રીપ કરવામાં આવી હતી. આ પાંચ દિવસ દરમિયાન એસટી બસોએ 13,218 કિમી દોડીને કુલ ₹7,30,000 ની આવક રળી આપી છે. આ આંકડાકીય વિગતોમાં રાજકોટ ડેપો સૌથી સફળ રહ્યો છે, જેણે 45 ટ્રીપ દ્વારા સૌથી વધુ ₹2.34 લાખની કમાણી કરી છે. તેની સામે જસદણે 30 ટ્રીપમાં ₹1.11 લાખ અને ગોંડલે 24 ટ્રીપમાં ₹1.09 લાખની આવક મેળવી છે. આ ઉપરાંત વાંકાનેર, સુરેન્દ્રનગર અને ચોટીલા ડેપોએ પણ શ્રદ્ધાળુઓની સેવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

જોકે, આ વર્ષના આંકડા નિગમ માટે થોડા નિરાશાજનક રહ્યા છે. ગત વર્ષ 2025માં મહાશિવરાત્રિના મેળા દરમિયાન રાજકોટ વિભાગે 142 એક્સ્ટ્રા ટ્રીપ દોડાવી હતી, જે આ વર્ષે ઘટીને 119 થઈ ગઈ છે. ટ્રીપમાં થયેલા 23ના ઘટાડાને કારણે નિગમની કુલ આવકમાં પણ ₹77,000 જેટલો ઘટાડો નોંધાયો છે. તેમ છતાં, એસટી દ્વારા કરવામાં આવેલા આ સંચાલનને કારણે શ્રદ્ધાળુઓને પરિવહન ક્ષેત્રે મોટી રાહત મળી હતી અને ભીડનું વ્યવસ્થિત સંચાલન કરી શકાયું હતું.



રિપોર્ટ : હાર્દિક ચંદારાણા




# પીપળજ આગ: કેમિકલ ફેક્ટરીમાં વિકરાળ આગ બાદ મેજર કોલ

**દૈનિક પલ્સ સમાચાર:** શહેરના પીપળજ ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં આજે એક કેમિકલ ફેક્ટરીમાં લાગેલી ભીષણ આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. આગ એટલી વિકરાળ છે કે અમદાવાદ ફાયર બ્રિગેડે તેને કાબુમાં લેવા માટે 'મેજર કોલ' જાહેર કરવો પડ્યો છે. કેમિકલના સંગ્રહના કારણે આગની જ્વાળાઓ દૂર-દૂર સુધી દેખાઈ રહી છે અને આખું આકાશ કાળા ધુમાડાથી ભરાઈ ગયું છે.

પીપળજ પાસે આવેલી કેમિકલ બનાવતી કંપનીના પ્લાન્ટમાં અચાનક આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. કેમિકલ હોવાને કારણે આગ ખૂબ જ ઝડપથી ફેલાઈ અને જોતજોતામાં આખી ફેક્ટરીને પોતાની ઝપેટમાં લઈ લીધી હતી. ફેક્ટરીની અંદરથી કેમિકલના ડ્રમ ફાટવાના પ્રચંડ અવાજો આવી રહ્યા છે, જેણે આસપાસના રહીશોને ફાળ પાડી છે.

આગ પર કાબુ મેળવવા માટે શહેરના જમાલપુર, નવરંગપુરા અને મણિનગર સહિતના સ્ટેશનોથી ૨૦ થી વધુ ફાયર ફાઈટરની ગાડીઓ ઘટનાસ્થળે તૈનાત કરવામાં આવી છે. ફાયર ઓફિસરો અને જવાનોની મોટી ફોજ અત્યારે ચારેય દિશામાંથી પાણીનો મારો ચલાવી રહી છે. કેમિકલની આગ હોવાથી પાણીની સાથે સાથે ખાસ 'ફોમ' (Foam) નો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે જેથી કેમિકલની સપાટી પર ઓક્સિજન કટ-ઓફ થઈ શકે અને આગ વધુ ન ભડકે.

આગના પગલે આસપાસના એકમોમાં પણ વીજ પુરવઠો સાવચેતીના ભાગરૂપે કાપી નાખવામાં આવ્યો છે. હાલમાં મુખ્ય ધ્યાન આગને નજીકના અન્ય ઔદ્યોગિક એકમોમાં ફેલાતી અટકાવવા પર છે. ફેક્ટરીમાં કોઈ કામદાર ફસાયેલ છે કે કેમ તે અંગે અત્યારે કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી. પરંતુ આગનું કદ જોતા ફેક્ટરીના માલિકને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન થવાનો અંદાજ છે. એફએસએલ (FSL) ની ટીમ પણ બોલાવવામાં આવી છે જે આગ બુઝાયા પછી શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ કારણ છે તેની તપાસ કરશે.


રિપોર્ટ : ભાવેશ રાઠોડ




# રાજકોટમાં હવે રાત્રે 8 વાગ્યા સુધી પોસ્ટ ઓફિસમાં મળશે આધાર સેવા

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ શહેરના નાગરિકો માટે આધાર કાર્ડ સંબંધિત કામગીરી હવે વધુ સરળ અને સુવિધાજનક બનશે. રાજકોટ મંડળના પ્રવર અધિક્ષક ડાકઘર દ્વારા જાહેર કરવામાં આવેલી નવી યાદી મુજબ, શહેરની ચાર મહત્વની પોસ્ટ ઓફિસોમાં આધાર સેવાઓનો સમય લંબાવીને સવારે 8 થી રાત્રે 8 વાગ્યા સુધીનો કરવામાં આવ્યો છે.

જે ચાર પોસ્ટ ઓફિસોમાં આ સુવિધાનો લાભ મળશે તેમાં સામેલ છે:

1. હેડ પોસ્ટ ઓફિસ (ઘી કાંટા રોડ)
2. ભક્તિનગર સબ પોસ્ટ ઓફિસ
3. રૈયા રોડ સબ પોસ્ટ ઓફિસ
4. બેડીપરા સબ પોસ્ટ ઓફિસ

રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ ઝોન ઓફિસોમાં આધાર કાર્ડ માટે લોકોનો મોટો ધસારો રહેતો હોય છે, જેના કારણે કામગીરીનું ભારણ વધતું હતું. નાગરિકોને પડતી આ મુશ્કેલીને ધ્યાનમાં રાખીને ટપાલ વિભાગે પોતાના સમયપત્રકમાં ફેરફાર કર્યો છે. અગાઉ આ સેવાઓ સાંજે 6 વાગ્યા સુધી જ ઉપલબ્ધ હતી. હવે 12 કલાક સુધી કેન્દ્રો ખુલ્લા રહેવાથી લોકો ઓફિસ સમય બાદ પણ પોતાના આધાર કાર્ડમાં સુધારા કે નવા કાર્ડ માટેની પ્રક્રિયા પૂર્ણ કરી શકશે. નવા કાર્ડ કઢાવવા, બાયોમેટ્રિક અપડેટ કરવા કે અન્ય ભૂલો સુધારવા માટે હવે લાંબી કતારોમાં ઉભા રહેવાની જરૂર નહીં પડે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**




**રાજકોટ મંડળના પ્રવર અધિક્ષક ડાકઘરની સત્તાવાર યાદી મુજબ, શહેરની ચાર મુખ્ય પોસ્ટ ઓફિસોમાં આધાર કાર્ડ સંબંધિત સેવાઓના સમયમાં મહત્વનો ફેરફાર કરાયો છે. હેડ પોસ્ટ ઓફિસ, ભક્તિનગર, રૈયા રોડ અને બેડીપરા પોસ્ટ ઓફિસમાં હવે નાગરિકો સવારે 8 થી રાત્રે 8 વાગ્યા સુધી નવા આધાર કાર્ડ કઢાવવા કે સુધારા-વધારા કરાવી શકશે. અત્યાર સુધી આ સમય સાંજે 6 વાગ્યા સુધીનો હતો. મહાપાલિકાની કચેરીઓ પર રહેતું ભારણ ઘટાડવા અને નોકરિયાત વર્ગને અનુકૂળતા રહે તે માટે આ નિર્ણય લેવાયો છે.**

# રાજકોટ: ભક્તિનગર રેલવે સ્ટેશન પાર્કિંગમાં અંધારપટ, મુસાફરો પરેશાન

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટના વ્યસ્ત ગણાતા ભક્તિનગર રેલવે સ્ટેશનને રેલવે વિભાગ દ્વારા આધુનિક લુક આપવામાં આવ્યો છે. કરોડોના ખર્ચે સ્ટેશનની ઇમારત અને પ્લેટફોર્મને સજાવવામાં આવ્યા છે, પરંતુ સ્ટેશનની બહારના પાર્કિંગ વિસ્તારમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. છેલ્લા ઘણા દિવસોથી પાર્કિંગ વિસ્તારમાં આવેલી લાઈટો બંધ હોવાથી રાત્રિના સમયે અહીં અંધારપટ જોવા મળી રહ્યો છે. મુસાફરો દ્વારા જણાવવામાં આવ્યું છે કે રાત્રે જ્યારે કોઈ ટ્રેન આવે ત્યારે અંધારાને કારણે વાહન પાર્કિંગમાંથી બહાર કાઢવું કે રસ્તો ક્રોસ કરવો જોખમી બની જાય છે. અંધારાનો લાભ લઈને અસામાજિક તત્વો કે ચોરીની ઘટનાઓ પણ બની શકે તેવી ભીતિ સેવવામાં આવી રહી છે. રેલવે સ્ટેશન જેવી મહત્વની જાહેર જગ્યાએ પાયાની સુવિધાનો અભાવ તંત્રની પોકળતા છતી કરે છે. આ બાબતે સ્થાનિક રાહદારીઓ અને મુસાફરો દ્વારા રેલવેના ઇલેક્ટ્રોનિક્સ વિભાગના અધિકારીઓને રજૂઆત કરવામાં આવી છે કે આ લાઈટો માત્ર શોભાના ગાંઠિયા સમાન ન રહે અને તેને તાત્કાલિક ચાલુ કરવામાં આવે. સ્ટેશનને ભવ્ય બનાવવાની સાથે તેની જાળવણી પણ એટલી જ જરૂરી છે તેવી માંગણી પ્રબળ બની છે.


રિપોર્ટ : હાર્દિક ચંદારાણા

**રાજકોટના ભક્તિનગર રેલવે સ્ટેશનનો કરોડોના ખર્ચે કાયાપલ્ટ કરાયા બાદ પણ પાર્કિંગ વિસ્તારમાં રાત્રે અંધારપટ જોવા મળે છે. લાંબા સમયથી લાઈટો બંધ હોવાથી મુસાફરો મુશ્કેલીમાં મુકાયા છે, જેને પગલે ઇલેક્ટ્રોનિક્સ વિભાગના અધિકારીઓને લાઈટો તાત્કાલિક શરૂ કરવા રજૂઆત કરવામાં આવી છે.**

# ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન ભારતની મુલાકાતે: PM મોદી સાથે મુંબઈમાં મહત્વની બેઠક

## રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન ભારત પ્રવાસે: મુંબઈમાં સ્વાગત

**દૈનિક પલ્સ સમાચાર:** ભારત અને ફ્રાન્સની વર્ષો જૂની મિત્રતામાં આજે વધુ એક સોનેરી પ્રકરણ ઉમેરાવા જઈ રહ્યું છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન અને ફર્સ્ટ લેડી બ્રિજિટ મેક્રોન આજથી ૧૯ ફેબ્રુઆરી સુધીના ભારત પ્રવાસે છે. આ મુલાકાતની શરૂઆત દેશની આર્થિક રાજધાની મુંબઈથી થઈ રહી છે, જ્યાં રાષ્ટ્રપતિનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવશે. આવતીકાલે એટલે કે ૧૭ ફેબ્રુઆરીએ, મુંબઈમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ મેક્રોન વચ્ચે એક વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠક દરમિયાન સંરક્ષણ ઉત્પાદન, ન્યુક્લિયર એનર્જી અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં સુરક્ષા જેવા સંવેદનશીલ અને મહત્વના વિષયો પર ગહન ચર્ચા થવાની અપેક્ષા છે. મુંબઈના રસ્તાઓ અત્યારે ભારત અને ફ્રેન્ચ ધ્વજ તેમજ બંને નેતાઓના પોસ્ટર્સથી ઝળહળી રહ્યા છે, જે આ મુલાકાતની ભવ્યતા દર્શાવે છે.

દિલ્હીમાં ટેક્નોલોજીનો સંગમ: મુંબઈના કાર્યક્રમો પૂર્ણ કરી રાષ્ટ્રપતિ મેક્રોન દિલ્હી જવા રવાના થશે. ત્યાં તેઓ 'ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026' ના પ્રતિષ્ઠિત મંચ પર હાજરી આપશે. ભારત અત્યારે વિશ્વમાં AI અને ડેટા ટેક્નોલોજીના હબ તરીકે ઉભરી રહ્યું છે, ત્યારે ફ્રાન્સ જેવા ટેક્નોલોજીકલ રીતે સક્ષમ દેશ સાથેની આ ભાગીદારી ભારતના યુવા સ્ટાર્ટઅપ્સ અને આઈટી ક્ષેત્ર માટે નવી તકોના દ્વાર ખોલશે. ભારત અને ફ્રાન્સ હંમેશા મુશ્કેલ સમયમાં એકબીજાની સાથે ઉભા રહ્યા છે. રાષ્ટ્રપતિ મેક્રોનની આ મુલાકાત માત્ર એક ઔપચારિક પ્રવાસ નથી, પરંતુ તે બંને લોકશાહી દેશો વચ્ચેના અતૂટ વિશ્વાસનું પ્રતીક છે. આ મુલાકાતથી ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારી ૨૦૨૬ના વર્ષમાં નવી ઊંચાઈઓ હાંસલ કરશે તે નિશ્ચિત છે.




**ભારત અને ફ્રાન્સની મિત્રતામાં વધુ એક નવું સોપાન ઉમેરાયું છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન અને ફર્સ્ટ લેડી બ્રિજિટ મેક્રોન ૧૯ ફેબ્રુઆરી સુધી ભારતના મહેમાન બન્યા છે. મુંબઈ પહોંચેલા મેક્રોનનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું છે, જ્યાં આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય બેઠક યોજાશે. આ મુલાકાત દરમિયાન સુરક્ષા અને વેપાર ક્ષેત્રે મહત્વના કરારો થઈ શકે છે. મુંબઈ બાદ તેઓ દિલ્હીમાં 'ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026' માં હાજરી આપશે, જે ભારતની વધતી ટેકનોલોજીકલ તાકાત અને ફ્રાન્સ સાથેના તેના સહયોગને દર્શાવશે.**

# સરખેજ: ખાનગી કંપનીમાં ગાડી ભાડે મુકવાના નામે છેતરપિંડી, એક ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના સરખેજ વિસ્તારમાં અનેક લોકો સાથે વાહન ભાડે મુકવાના બહાને ઠગાઈ કરનાર આરોપી પોલીસના સકંજામાં આવ્યો છે. પકડાયેલા આરોપી ઇકબાલ રહીમ સિપાઈની મોડસ ઓપરેન્ડી જાણીને પોલીસ પણ ચોંકી ઉઠી છે. આરોપી પોતે પોર્ટર જેવી મોટી કંપનીઓમાં કોન્ટ્રાક્ટ ધરાવતો હોવાનો ખોટો દાવો કરી વાહન માલિકોનો સંપર્ક કરતો હતો. તે ખાસ કરીને બોલેરો અને પીકઅપ ડાલા જેવા વાહનો ટાર્ગેટ કરતો હતો અને દર મહિને ૨૭ હજાર રૂપિયા ભાડું ચૂકવવાની ખાતરી આપતો હતો.
શરૂઆતમાં વિશ્વાસ કેળવવા માટે તે એક-બે મહિનાનું ભાડું આપતો હતો, પરંતુ ત્યારબાદ વાહનોને બારોબાર ગીરવી મૂકી દેતો હતો. વાહન માલિકોને જ્યારે લાંબા સમય સુધી ભાડું ન મળ્યું અને આરોપીએ ફોન ઉપાડવાનું બંધ કર્યું ત્યારે સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. સરખેજ પોલીસે બાતમીદારો અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસ પૂછપરછમાં જાણવા મળ્યું છે કે તેણે માત્ર એક-બે નહીં પણ અનેક લોકો સાથે આ રીતે છેતરપિંડી કરી લાખોની રોકડ ભેગી કરી હતી. પોલીસ અત્યાર સુધી ૧૪ વાહનો રિકવર કરવામાં સફળ રહી છે, જેની કિંમત લાખોમાં થાય છે. આ કૌભાંડમાં કોઈ અન્ય ગેંગ સક્રિય છે કે કેમ તે જાણવા માટે પોલીસે આરોપીના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.







## રાજકોટમાં નકલી મિનરલ વોટરનું વેચાણ અને રાજકીય વિરોધ

રાજકોટમાં ભ્રષ્ટ વેપારીઓ અને સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા તત્વોનો રાફડો ફાટ્યો છે. મનપાના ફૂડ વિભાગે કિસાનપરા અને જાગનાથમાં દરોડા પાડી બિસ્લેરી વેદિકા અને ઇન્ડિપેન્ડન્સ જેવી બ્રાન્ડના નમૂના લીધા છે. નળનું પાણી પેક કરી વેચતી એજન્સીઓના પાપે નાગરિકોના સ્વાસ્થ્ય સામે ખતરો ઊભો થયો છે. તપાસ દરમિયાન બેકરી અને ફાસ્ટફૂડના ૧૨ વેપારીઓને નોટિસ ફટકારી તંત્રએ માત્ર કાગળ પરની કાર્યવાહી કરી સંતોષ માન્યો છે.
બીજી તરફ, વહીવટી તંત્રએ પોસ્ટ ઓફિસમાં આધાર કાર્ડનો સમય વધારી મોડી રાત સુધી કામગીરી શરૂ કરી છે. પરંતુ, આર્થિક નીતિઓ સામે વિરોધનો સુર ઉઠ્યો છે. ભારત-અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલ દેશના પશુપાલકો માટે મોતની સમાન હોવાનો આરોપ લગાવી 'આપ' એ વિરોધ પ્રદર્શન કર્યું હતું. દિનેશ જોશીએ આક્ષેપ કર્યો કે સરકાર પારદર્શિતા રાખ્યા વગર વિદેશી ખેડૂતો માટે ભારતના બજારો ખોલી રહી છે, જે સ્થાનિક ઉદ્યોગો અને ખેતીને જડમૂળથી ખતમ કરી નાખશે.

## BSNLના નિવૃત્ત કર્મચારીએ ઝેરી દવા પી જીવન ટૂંકાવવા કર્યો પ્રયાસ

સરકારી તંત્રમાંથી નિવૃત્ત થયા બાદ કર્મચારીઓને શાંતિ મળવાને બદલે મોતને વહાલું કરવું પડે તેવી સ્થિતિ રાજકોટમાં સર્જાઈ છે. BSNLમાં સફાઈ કામદાર તરીકે લાંબી સેવા આપ્યા બાદ નિવૃત્ત થયેલા ૫૬ વર્ષીય જગદીશભાઈ વાણીયાએ આજે સવારે ઝેરી દવા પી લેતા ચકચાર મચી ગઈ છે. જગદીશભાઈએ દવા પીધા બાદ પોતાના પુત્ર અજયને ફોન કરી તબિયત ખરાબ હોવાનું જણાવ્યું હતું, જેના પગલે પરિવાર તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ લઈ દોડ્યો હતો.
પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે તેઓ માત્ર પાંચ મહિના પહેલા જ નિવૃત્ત થયા હતા. બે પુત્રો અને મોટા પરિવાર વચ્ચે રહેતા આ નિવૃત્ત કર્મચારીને એવું તો શું દુઃખ પડ્યું કે તેણે ઝેરી દવા ગટગટાવી લીધી? પોલીસે તપાસ તો શરૂ કરી છે પણ પરિવાર હજુ મૌન છે. શું નિવૃત્તિના લાભો મળવામાં વિલંબ હતો કે કોઈ માનસિક દબાણ? સત્ય હજુ બહાર આવવાનું બાકી છે.

## રાજકોટ સિવિલ હોસ્ટેલમાં ચોરી: સુરક્ષા વ્યવસ્થા સામે સવાલ

રાજકોટની ગરીબ દર્દીઓની સારવાર કરતી સિવિલ હોસ્પિટલ હવે તસ્કરોનું સુરક્ષિત સરનામું બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે. પી.જી. હોસ્ટેલમાં રહેતા સિનિયર રેસીડેન્ટ તબીબ ડો. શાહનુબેન ગોવાણીના રૂમમાંથી ધોળા દિવસે ₹1.55 લાખના દાગીનાની ચોરી થતા સુરક્ષા વ્યવસ્થાના ફિયાસ્કા ઉડ્યા છે. તબીબ જ્યારે સવારે નોકરી પર ગયા અને રૂમનો દરવાજો માત્ર આંકડિયો મારીને છોડ્યો હતો, ત્યારે જ કોઈ રીઢા તસ્કરે કબાટ ફેંદીને તનિષ્ક જ્વેલર્સની બેગમાંથી સોનાની બુટી, નેકલેસ, બ્રેસલેટ અને વીંટી ચોરી લીધી હતી. હોસ્ટેલ જેવી સંવેદનશીલ જગ્યાએ અજાણ્યા શખ્સો કઈ રીતે પ્રવેશી શકે છે તે મોટો સવાલ છે. સિવિલ હોસ્પિટલનું વહીવટી તંત્ર માત્ર દેખાવ ખાતર સિક્યોરિટી પાછળ લાખોનો ખર્ચ કરે છે, પણ હકીકતમાં તબીબોની માલ-મિલકતની કોઈ જ સુરક્ષા નથી. હાલમાં પ્રદ્યુમનનગર પોલીસે ગુનો નોંધી CCTV ના આધારે તપાસ તો શરૂ કરી છે, પણ ચોર હજુ પકડથી દૂર છે.




# નરોડા ગામના કુંભારવાસમાં શંકાસ્પદ માંસ મળતા ચકચાર: તપાસ શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ શહેરના નરોડા ગામ વિસ્તારમાં આજે એક શંકાસ્પદ ઘટના પ્રકાશમાં આવી છે. નરોડાના કુંભારવાસમાં જાહેર માર્ગ પર માંસનો કેટલોક જથ્થો રઝળતી હાલતમાં મળી આવ્યો હતો. આ જોતા જ સ્થાનિક રહીશોએ સામાજિક સંગઠન બજરંગ દળના કાર્યકરોને જાણ કરી હતી. બજરંગ દળના પ્રતિનિધિઓ તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પરિસ્થિતિની ગંભીરતાને જોઈને કાર્યવાહી હાથ ધરી હતી. સ્થાનિકો દ્વારા એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આ જથ્થો ગૌ માંસ હોઈ શકે છે. આ પ્રકારની પ્રવૃત્તિથી ધાર્મિક લાગણી દુભાવાની શક્યતાને પગલે કાર્યકરોએ તત્કાલ તંત્રને જાણ કરી હતી. મળેલા જથ્થાના નમૂના વૈજ્ઞાનિક તપાસ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) માં મોકલી આપવામાં આવ્યા છે. આગામી થોડા સમયમાં FSL રિપોર્ટ જાહેર થયા બાદ જ માંસના પ્રકાર અંગેની સત્તાવાર પુષ્ટિ થશે. હાલ પૂરતું, બજરંગ દળના કાર્યકરોએ શાંતિ જાળવી રાખીને જવાબદાર તત્વો સામે દાખલારૂપ કાર્યવાહી કરવાની માંગ કરી છે. નરોડા વિસ્તારમાં આ ઘટનાને પગલે ચર્ચાઓ જાગી છે અને વહીવટી તંત્ર દ્વારા પણ સતર્કતા રાખવામાં આવી રહી છે જેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને.




**નરોડા ગામના કુંભારવાસ વિસ્તારમાં જાહેર માર્ગ પર શંકાસ્પદ માંસ મળી આવવાની ઘટના સામે આવી છે. સ્થાનિક રહીશોએ આ અંગે તાત્કાલિક બજરંગ દળની ટીમનો સંપર્ક કર્યો હતો. માહિતી મળતા જ કાર્યકરો ઘટનાસ્થળે દોડી ગયા હતા અને વાતાવરણ તંગ ન બને તે માટે કાયદેસરની કાર્યવાહીની માંગ કરી હતી. આ જથ્થો ગૌ માંસ હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, માંસનો પ્રકાર જાણવા માટે તેને FSL પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યું છે. રિપોર્ટ આવ્યા બાદ જ સાચી વિગત બહાર આવશે.**

# દૈનિક પલ્સ સમાચાર: રાજકોટ એસટી તંત્રની ઘોર બેદરકારી બાદ માઇક શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ એસટી બસપોર્ટ જેવી આધુનિક સુવિધામાં વહીવટી તંત્રની પોકળતા છતી થઈ છે. અહીં પ્લેટફોર્મ નંબર 1 અને 2 સામે ચાર-ચાર ઇન્કવાયરી હોવા છતાં, છેવાડાના પ્લેટફોર્મ 14 થી 22 પર મુસાફરો અંધાધૂંધીનો ભોગ બની રહ્યા હતા. વહીવટી તંત્રની અણઆવડતને કારણે બસોની આવન-જાવનની માહિતી ન મળતા મુસાફરોમાં ભારે રોષ હતો. એક મહિના પહેલા પ્લેટફોર્મ 14 થી 22 માટે ખાસ કેબિન ફાળવવામાં આવી હતી, પરંતુ રાજકોટના સિનિયર ડેપો મેનેજરની ઘોર બેદરકારીને કારણે માઇક સિસ્ટમ ધૂળ ખાતી હતી. મુસાફરોની હાલાકી જોઈ ગુજરાત એસ.ટી. મુસાફર હિતરક્ષક સમિતિએ મોરચો માંડ્યો હતો. નવનિયુક્ત વિભાગીય નિયામક સામે પુરાવા સાથે રજૂઆત કરવામાં આવી કે, ઉદઘોષણાના અભાવે મુસાફરોની બસો ચુકી જવાય છે. વિભાગીય નિયામકે તાત્કાલિક અસરથી ટેલિફોનિક સૂચના આપી ગણતરીની કલાકોમાં માઇક સિસ્ટમ કાર્યરત કરાવી દીધી છે. આ નિર્ણયથી હજારો મુસાફરોને રાહત તો મળી છે, પરંતુ એસટી તંત્રની અંદર ચાલતી લાલિયાવાડી ઉઘાડી પડી ગઈ છે. સમિતિએ હવે ઉગ્ર માંગ કરી છે કે એક મહિના સુધી આ કામ અટકાવી રાખનાર અધિકારીઓ સામે માત્ર તપાસ જ નહીં, પણ નિયમાનુસાર દંડનીય પગલાં ભરી દાખલો બેસાડવામાં આવે જેથી ભવિષ્યમાં મુસાફરોને આવી લાપરવાહીનો ભોગ ન બનવું પડે.



# ગાંધીનગરમાં અમિત શાહની અધ્યક્ષતામાં સહકાર મંત્રીઓની ઉચ્ચસ્તરીય મંથન બેઠક

## ગાંધીનગર: અમિત શાહના હસ્તે ₹265 કરોડના પ્રકલ્પોનું લોકાર્પણ

**દૈનિક પલ્સ સમાચાર:** દેશના સહકારી માળખાને નવી ઉર્જા આપવા અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવાના હેતુથી આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે એક ઉચ્ચસ્તરીય 'મંથન બેઠક' યોજાઈ હતી. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં આયોજિત આ બેઠકમાં દેશના તમામ રાજ્યોના સહકાર મંત્રીઓએ સહભાગી થઈને સહકારી ક્ષેત્રના ભવિષ્ય વિશે ચર્ચા કરી હતી. આ અવસરે અમિતભાઈ શાહના હસ્તે ગુજરાતની વિવિધ સહકારી સંસ્થાઓના કુલ ₹265.30 કરોડના વિકાસલક્ષી પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝનને સાકાર કરવા માટે સહકારી મંડળીઓ પાયાની જરૂરિયાત છે. ખેડૂતોને તેમની ઉપજના યોગ્ય ભાવ મળે અને તેમની આવક બમણી થાય તે માટે સહકારી માળખાને વધુ પારદર્શક અને આધુનિક બનાવવું અનિવાર્ય છે. કાર્યક્રમ દરમિયાન 'આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ 2025' પરના વિશેષ અહેવાલનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ અમિતભાઈ શાહે સહકારી સંસ્થાઓ દ્વારા આયોજિત પ્રદર્શનને ખુલ્લું મૂક્યું હતું. આ પ્રદર્શનમાં પ્રાકૃતિક કૃષિ, ઓર્ગેનિક ઉત્પાદનો અને સહકારી ક્ષેત્રની અત્યાધુનિક સેવાઓ દર્શાવવામાં આવી હતી. મંત્રીશ્રીએ દરેક સ્ટોલની મુલાકાત લઈ ઓર્ગેનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા બદલ સંસ્થાઓને બિરદાવી હતી. આ મંથન બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી તેમજ કેન્દ્ર અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં રાજ્યો વચ્ચે સહકાર ક્ષેત્રે 'બેસ્ટ પ્રેક્ટિસ' (શ્રેષ્ઠ પદ્ધતિઓ) ની આપ-લે કરવા અંગે પણ સવિસ્તર ચર્ચા કરવામાં આવી હતી. આ આયોજનથી ભારતનું સહકારી ક્ષેત્ર વૈશ્વિક સ્તરે વધુ સક્ષમ બનશે તેવી અપેક્ષા રાખવામાં આવી છે.



રિપોર્ટ : હસમુખભાઈ નાયક

**કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી અમિતભાઈ શાહના અધ્યક્ષસ્થાને ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'સહકારથી સમૃદ્ધિ' વિઝનને સાકાર કરવા દેશના તમામ રાજ્યોના સહકાર મંત્રીઓની મંથન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા. અમિત શાહે ગુજરાતની વિવિધ સહકારી સંસ્થાઓના ₹265.30 કરોડના પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ કર્યું હતું. આ મંથનનો મુખ્ય હેતુ સહકારી માળખાને મજબૂત કરી ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવાનો અને ખેડૂતોની આવક બમણી કરવાનો છે. આ અવસરે 'આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ 2025' પર વિશેષ અહેવાલનું વિમોચન પણ કરાયું હતું.**

# ખેડા જિલ્લો નલ સે જલ યોજના હેઠળ ૧૦૦ ટકા નળ કનેક્શન સાથે અવ્વલ

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષસ્થાને 'જિલ્લા જળ અને જાહેર સ્વચ્છતા એકમ'ની બેઠક યોજાઈ હતી. આ બેઠક જિલ્લાના જળ અને સ્વચ્છતાના માળખાગત વિકાસ માટે લેન્ડમાર્ક સાબિત થઈ છે. કલેક્ટરે વિગતો આપતા જણાવ્યું હતું કે, ભારત સરકારના 'નલ સે જલ' મિશન હેઠળ ખેડા જિલ્લાએ મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. જિલ્લાની ૩૧૬ યોજનાઓ સફળતાપૂર્વક પૂર્ણ થતા હવે જિલ્લાના ૧૦૦ ટકા ઘરો, એટલે કે ૩,૬૯,૩૨૪ પરિવારો નળ દ્વારા શુદ્ધ પાણી મેળવી રહ્યા છે. આ સફળતામાં પાયાની ભૂમિકા ભજવનાર ગ્રામીણ પાણી સમિતિઓને પ્રોત્સાહિત કરવા માટે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. પાણી વેરા વસુલાત પ્રોત્સાહક યોજના હેઠળ પીજ (વસો), હાથનોલી (મહેમદાવાદ), વારસંગ (ખેડા) અને મેનપુરા (ગળતેશ્વર) ગ્રામ પંચાયતોને કુલ રૂ. ૩.૫૯ લાખના પ્રોત્સાહક ચેક એનાયત કરવામાં આવ્યા હતા. બેઠક દરમિયાન કલેક્ટરે અધિકારીઓને સૂચના આપી હતી કે, નળ કનેક્શનની સુવિધા મળ્યા બાદ હવે તેની જાળવણી અને પાણીના કરકસરભર્યા ઉપયોગ અંગે જાગૃતિ ફેલાવવામાં આવે. ગ્રામીણ સ્તરે પાણીના ટેક્સની વસુલાત સમયસર થાય તે માટે પણ તેમણે ભાર મૂક્યો હતો. આ સિદ્ધિથી ખેડા જિલ્લો હવે જળ વ્યવસ્થાપન મોડેલ તરીકે ઉભરી રહ્યો છે, જે અન્ય જિલ્લાઓ માટે પ્રેરણારૂપ બનશે.



રિપોર્ટ : હસમુખભાઈ નાયક




# નડિયાદ જે. એન્ડ જે. સાયન્સ કોલેજમાં યોજાયો પ્લેસમેન્ટ ફેર

**દૈનિક પલ્સ સમાચાર:** નડિયાદની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા જે. એન્ડ જે. સાયન્સ કોલેજમાં આજે રોજગારીનો ઉત્સવ જોવા મળ્યો હતો. ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા મેગા પ્લેસમેન્ટ ફેરે ખેડા અને મહિસાગર જિલ્લાના સેંકડો યુવાનો માટે પ્રગતિના દ્વાર ખોલી દીધા છે. આ પ્લેસમેન્ટ મેળામાં બે જિલ્લાની 17 જેટલી વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ પોતપોતાની ડિગ્રી અને કૌશલ્યના આધારે નોંધણી કરાવી હતી.

આ પ્લેસમેન્ટ ફેરમાં ફાર્માસ્યુટિકલ, આઈટી, કેમિકલ અને બેન્કિંગ જેવા વિવિધ ક્ષેત્રોની 51થી વધુ ઈન્ડસ્ટ્રીઝે ભાગ લીધો હતો. કંપનીઓ દ્વારા કુલ 2700થી વધુ વેકેન્સી જાહેર કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓના શૈક્ષણિક રેકોર્ડ અને રૂબરૂ ઇન્ટરવ્યુના આધારે કંપનીઓએ લાયક ઉમેદવારોની પસંદગી કરી હતી. ઘણા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ ફેરમાં જ સત્તાવાર નિમણુંક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા, જે તેમના માટે એક મોટી શૈક્ષણિક સિદ્ધિ સમાન છે.

કોલેજના આચાર્ય ડો. એ. એમ. પટેલે આ તકે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર અને કેસીજી (KCG) દ્વારા યુવા રોજગારી માટે જે અભિગમ અપનાવવામાં આવ્યો છે તે ખરેખર પ્રશંસનીય છે. સામાન્ય રીતે વિદ્યાર્થીઓએ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ નોકરી માટે ભટકવું પડતું હોય છે, પરંતુ આ પ્લેસમેન્ટ ફેરના માધ્યમથી યુવાનોના હાથમાં ડિગ્રી આવે તે પહેલાં જ રોજગારીના અવસર આવી રહ્યા છે. આનાથી વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધે છે અને તેઓ આર્થિક રીતે પણ સુરક્ષિત અનુભવે છે. આ મેગા પ્લેસમેન્ટ ફેર દ્વારા સ્થાનિક ઉદ્યોગોને પણ કુશળ માનવબળ મળી રહ્યું છે. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, આવી મોટી કંપનીઓ એક જ છત નીચે ઉપલબ્ધ થવાથી તેમને ઘણી અનુકૂળતા રહી છે. નડિયાદ એજ્યુકેશન સોસાયટીની આ પહેલથી સમગ્ર ખેડા જિલ્લામાં શૈક્ષણિક અને ઔદ્યોગિક સ્તરે હકારાત્મક વાતાવરણ સર્જાયું છે.


રિપોર્ટ : હસમુખભાઈ નાયક




# ભાવનગરમાં નવી ઈ-બસનો અકસ્માત: લોકાર્પણના ત્રીજા દિવસે વૃદ્ધા ઈજાગ્રસ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પ્રદૂષણ મુક્ત પરિવહન માટે શરૂ કરાયેલી ઈ-બસ સેવાના લોકાર્પણના હજુ ત્રણ દિવસ પણ પૂરા થયા નથી ત્યાં અકસ્માતની ઘટના બની છે. ગત રવિવારે જ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની હાજરીમાં આ બસોનું ભાવનગરના અકવાડાથી ઉમળકાભેર પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. પરંતુ આજે રૂટ નંબર 6 ની બસે અકસ્માત સર્જતા સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. આ અકસ્માતમાં 70 વર્ષના ભારતીબેન વિનોદભાઈ આદેશરા નામના વૃદ્ધા ભોગ બન્યા છે. બસની ટક્કરને કારણે તેમના હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત થતા જ આસપાસના લોકો મદદે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત ભારતીબેનને 108 એમ્બ્યુલન્સ દ્વારા તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા. નવી ટેકનોલોજી અને સુવિધાઓથી સજ્જ આ બસો જ્યારે શહેરના રસ્તાઓ પર દોડવા લાગી છે, ત્યારે ત્રીજા જ દિવસે થયેલા આ અકસ્માતથી સુરક્ષાને લઈને પ્રશ્નો ઉઠી રહ્યા છે. શું ડ્રાઈવરોને આ નવી બસો ચલાવવાની પૂરતી તાલીમ આપવામાં આવી છે કે કેમ તે ચર્ચાનો વિષય બન્યો છે. હાલમાં ભારતીબેનની સ્થિતિ નાજુક હોવાનું જાણવા મળ્યું છે અને હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે.


રિપોર્ટ : ઝીશાન ખૂંટ

# ભાવનગર: બિલ વગરના માલસામાન મામલે GST વિભાગે વાહનો ઝડપી લીધા

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગર જીએસટી વિભાગે ટેક્સ ચોરીના દૂષણને ડામવા માટે જિલ્લાભરમાં સઘન તપાસ અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાન અંતર્ગત જીએસટી વિભાગની વિવિધ ટીમોએ હાઈવે અને જિલ્લાના આંતરિક માર્ગો પર વોચ ગોઠવી હતી. ચેકિંગ દરમિયાન અનેક એવા વાહનો મળી આવ્યા હતા જે નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા હતા.

મળતી વિગત મુજબ, જીએસટી વિભાગે ટ્રક, આઈસર અને નાના ટેમ્પો સહિતના વાહનોને શંકાસ્પદ માલસામાન સાથે ઝડપી લીધા છે. આ વાહનચાલકો પાસે માલના પાકા બિલ ઉપલબ્ધ નહોતા અથવા તો બિલમાં દર્શાવેલી માત્રા કરતા વાસ્તવિક માલ ઘણો વધારે હતો. કરચોરી કરવાના ઈરાદે કરવામાં આવતી આ ઓવરલોડિંગની પ્રવૃત્તિ સામે વિભાગે કડક વલણ અપનાવ્યું છે. ઝડપાયેલા તમામ વાહનોને હાલમાં જીએસટીના કસ્ટડીમાં રાખવામાં આવ્યા છે અને તેમના માલિકોને નોટિસ પાઠવવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે. અધિકારીઓ દ્વારા માલના પ્રકાર, તેની બજાર કિંમત અને તેના પર લાગતા ટેક્સની ગણતરી કરવામાં આવી રહી છે. આ કામગીરીથી ભાવનગરના ટ્રાન્સપોર્ટ અને વેપાર ક્ષેત્રે ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. જીએસટી વિભાગે સ્પષ્ટ કર્યું છે કે આગામી દિવસોમાં પણ આ પ્રકારનું ચેકિંગ ચાલુ રહેશે અને જે પણ શંકાસ્પદ વ્યવહાર જણાશે તેની સામે કડક કાયદાકીય પગલાં લેવામાં આવશે.


રિપોર્ટ : ઝીશાન ખૂંટ

**ભાવનગર GST વિભાગે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરી બિલ વગરના અને ઓવરલોડ માલ ભરેલા ટ્રક, આઈસર અને ટેમ્પો સહિતના વાહનો ઝડપી લીધા છે. કરચોરીના શંકાસ્પદ મામલે વિભાગે આ વાહનો જપ્ત કરી કાયદેસરની તપાસ શરૂ કરી છે.**

# ખેડામાં બાળ વિવાહ મુક્ત ભારત રથનું પ્રસ્થાન: 100 દિવસીય અભિયાન




## ખેડામાં બાળ વિવાહ મુક્ત ભારત અભિયાન રથનું ભવ્ય પ્રસ્થાન

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા જિલ્લામાં બાળ અધિકારોના રક્ષણ અને સામાજિક કુરિવાજો સામે લડવા માટે એક વિશાળ જનજાગૃતિ અભિયાનનો પ્રારંભ થયો છે. 'બાળ વિવાહ મુક્ત ભારત' ના લક્ષ્યાંકને સિદ્ધ કરવા માટે નડિયાદની સી.બી. પટેલ આર્ટસ કોલેજ ખાતેથી વિશેષ જાગૃતિ રથને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરપર્સન શ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.
આ જાગૃતિ રથ આગામી 100 દિવસ સુધી ખેડા જિલ્લાના ખૂણે-ખૂણે પહોંચશે. રથના માધ્યમથી દ્રશ્ય-શ્રાવ્ય પ્રચાર દ્વારા બાળ લગ્નના ગેરફાયદા, આરોગ્ય પર થતી અસરો અને 'બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ' હેઠળની સજાની જોગવાઈઓ વિશે ગ્રામજનોને સમજ આપવામાં આવશે. આ અભિયાનનો ઉદ્દેશ્ય માત્ર જાગૃતિ લાવવાનો જ નથી, પરંતુ સમાજમાં એવો માહોલ ઊભો કરવાનો છે કે જ્યાં દરેક નાગરિક બાળ લગ્ન અટકાવવા માટે જવાબદારી સમજે.
સી.બી. પટેલ કોલેજ ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકોએ બાળ લગ્ન મુક્ત ભારત નિર્માણ માટે સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. ચેરપર્સન શ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જરે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, બાળ લગ્ન એ માત્ર કાયદાકીય ગુનો નથી પરંતુ બાળકના વિકાસમાં સૌથી મોટો અવરોધ છે. તેમણે જિલ્લા વહીવટી તંત્ર અને સ્થાનિક સંસ્થાઓને આ અભિયાનમાં સક્રિયપણે જોડાવા અપીલ કરી હતી. ખેડા જિલ્લામાં આ 100 દિવસીય અભિયાન સામાજિક પરિવર્તન માટેની દિશામાં મોટું પગલું માનવામાં આવે છે. જાગૃતિ રથ દ્વારા પાઠવવામાં આવેલો સંદેશો ગ્રામીણ સ્તરે રહેલા રૂઢિચુસ્ત વિચારોને બદલવામાં મદદરૂપ થશે. શિક્ષણના વ્યાપ અને આ પ્રકારના અભિયાનોથી ખેડા જિલ્લો આગામી સમયમાં સંપૂર્ણપણે બાળ વિવાહ મુક્ત બનશે તેવો વિશ્વાસ વહીવટી તંત્ર દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.

**ખેડા જિલ્લાને બાળ લગ્નની કુપ્રથામાંથી મુક્ત કરવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે નડિયાદની સી.બી. પટેલ આર્ટસ કોલેજ ખાતેથી વિશેષ જાગૃતિ રથનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરપર્સન ધર્મિષ્ઠાબેન ગજ્જરની મુખ્ય ઉપસ્થિતિમાં આ 100 દિવસીય અભિયાનનો પ્રારંભ થયો છે. આ રથ સમગ્ર જિલ્લામાં ફરીને લોકોને બાળ લગ્નથી થતા નુકસાન અને કાયદાકીય જોગવાઈઓ વિશે માહિતગાર કરશે. કાર્યક્રમમાં હાજર રહેલા સૌ નાગરિકો અને આગેવાનોએ બાળ લગ્ન મુક્ત ભારત નિર્માણ માટે સામુહિક પ્રતિજ્ઞા લીધી હતી.**

# ગુજરાતમાં આખરી મતદાર યાદી જાહેર: કુલ 4.40 કરોડ મતદારો નોંધાયા

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા રાજ્યની આખરી મતદાર યાદી સત્તાવાર રીતે પ્રસિદ્ધ કરવામાં આવી છે. ગત વર્ષે ઓક્ટોબર માસથી શરૂ થયેલી 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) ઝુંબેશના વિવિધ તબક્કાઓ બાદ આ ડેટા જાહેર કરાયો છે. આ ઝુંબેશ હેઠળ મતદાર યાદીના શુદ્ધિકરણ અને નવા મતદારોના ઉમેરા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આખરી યાદી મુજબ, ગુજરાતમાં કુલ મતદારોની સંખ્યા 4.40 કરોડે પહોંચી છે. મુસદ્દા યાદી જાહેર થયા બાદ વહીવટી પ્રક્રિયા દ્વારા 5.60 લાખ મતદારોનો નેટ ઉમેરો થયો છે. આ પ્રક્રિયામાં રાજ્યના 50,963 BLO એ મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે ઘરે-ઘરે જઈને મતદારોનું મેપિંગ-મેચિંગ કર્યું હતું, જેથી કોઈ પણ ક્ષતિ ન રહે. નાગરિકોની સુવિધા માટે આ યાદી CEO ગુજરાતની સત્તાવાર વેબસાઈટ પર મુકવામાં આવી છે. ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે SIR દરમિયાન મળેલા નાગરિકોના લેટેસ્ટ ફોટોગ્રાફ્સ આગામી યાદીમાં સામેલ કરાશે. જે યુવાનો 1 જાન્યુઆરી, 2026ના રોજ 18 વર્ષના થયા છે, તેઓ ફોર્મ નં. 6 ભરીને નામ નોંધાવી શકે છે. આ ઉપરાંત, નામ કમી કરવા માટે ફોર્મ નં. 7 અને વિગતોમાં સુધારા માટે ફોર્મ નં. 8 ભરવાની પ્રક્રિયા સતત સુધારણા કાર્યક્રમ હેઠળ ચાલુ રહેશે.

**ગુજરાતમાં સાડા ત્રણ માસની 'SIR' ઝુંબેશ બાદ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરાઈ છે. રાજ્યમાં કુલ 4.40 કરોડ મતદારો નોંધાયા છે, જેમાં મુસદ્દા યાદી બાદ 5.60 લાખનો વધારો થયો છે. નાગરિકો ceo.gujarat.gov.in પર પોતાની વિગતો ચકાસી શકે છે.**

District wise Addition / Deletion / Net Change : Final

| Sr. No. | Name of District | Draft Roll - 2026 Electors | Addition | Deletion | Net Addition | % of Net Change |
|---|---|---|---|---|---|---|
| 1 | Kachchh | 1476409 | 32795 | 13419 | 19376 | 1.31 |
| 2 | Vav-Tharad | 802018 | 14226 | 5157 | 9069 | 1.13 |
| 3 | Banaskantha | 1603307 | 33504 | 21710 | 11794 | 0.74 |
| 4 | Patan | 1111738 | 14156 | 6369 | 7787 | 0.70 |
| 5 | Mahesana | 1597796 | 32655 | 7914 | 24741 | 1.55 |
| 6 | Sabarkantha | 1061218 | 21818 | 5735 | 16083 | 1.52 |
| 7 | Arvalli | 786017 | 13392 | 2002 | 11390 | 1.45 |
| 8 | Gandhinagar | 1173926 | 29116 | 7883 | 21233 | 1.81 |
| 9 | Ahmedabad | 4806916 | 153234 | 47627 | 105607 | 2.20 |
| 10 | Surendranagar | 1344959 | 21316 | 21415 | -99 | -0.01 |
| 11 | Morbi | 781864 | 18857 | 13588 | 5269 | 0.67 |
| 12 | Rajkot | 2055357 | 53517 | 20096 | 33421 | 1.63 |
| 13 | Jamnagar | 1063620 | 28201 | 6789 | 21412 | 2.01 |
| 14 | Devbhumi Dwarka | 537647 | 8818 | 4412 | 4406 | 0.82 |
| 15 | Porbandar | 434943 | 11432 | 2214 | 9218 | 2.12 |
| 16 | Junagadh | 1149395 | 29822 | 8808 | 21014 | 1.83 |
| 17 | Gir Somnath | 942317 | 17245 | 5035 | 12210 | 1.30 |
| 18 | Amreli | 1132816 | 20778 | 6394 | 14384 | 1.27 |
| 19 | Bhavnagar | 1637981 | 40074 | 10110 | 29964 | 1.83 |
| 20 | Botad | 511841 | 12763 | 2627 | 10136 | 1.98 |
| 21 | Anand | 1580547 | 23106 | 14466 | 8640 | 0.55 |
| 22 | Kheda | 1462360 | 28538 | 9660 | 18878 | 1.29 |
| 23 | Mahisagar | 777709 | 14741 | 2007 | 12734 | 1.64 |
| 24 | Panchmahal | 1225847 | 25987 | 7215 | 18772 | 1.53 |
| 25 | Dahod | 1512767 | 21328 | 7244 | 14084 | 0.93 |
| 26 | Vadodara | 2185205 | 47070 | 12180 | 34890 | 1.60 |
| 27 | Chhota Udepur | 776945 | 17087 | 1846 | 15241 | 1.96 |
| 28 | Narmada | 434553 | 5797 | 971 | 4826 | 1.11 |
| 29 | Bharuch | 1095420 | 20988 | 13618 | 7370 | 0.67 |
| 30 | Surat | 3623193 | 101578 | 85734 | 15844 | 0.44 |
| 31 | Tapi | 474470 | 6269 | 1074 | 5195 | 1.09 |
| 32 | Dangs | 190561 | 4423 | 331 | 4092 | 2.15 |
| 33 | Navsari | 9593[illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| 34 | Valsad | 1159[illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| | Total of State :- | 43470[illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |

રિપોર્ટ : શૈલેષ સોલંકી




# થરાદમાં ડ્રગ્સ વિરોધી ઝુંબેશ: બે શખ્સોની ધરપકડ

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારમાં નશાના કારોબારને જડમૂળથી ઉખેડી નાખવા માટે થરાદ પોલીસે કમર કસી છે. એસપી અને એએસપી ચિંતન તેરૈયા દ્વારા આપવામાં આવેલી 'ઝીરો ટોલરન્સ' ની સૂચનાઓને પગલે થરાદ ટાઉન પોલીસે મોટી સફળતા મેળવી છે. બાતમીના આધારે મેફેડ્રોન ડ્રગ્સનું વેચાણ કરવા નીકળેલા બે શખ્સોને પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા છે.
થરાદ ટાઉન બીટના ઇન્ચાર્જને એક વિશ્વસનીય સૂત્ર દ્વારા માહિતી મળી હતી કે શહેરના અમુક વિસ્તારોમાં ડ્રગ્સની ડિલિવરી થવાની છે. આ માહિતીના આધારે પોલીસે વ્યૂહાત્મક રીતે વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન શંકાસ્પદ હાલતમાં મળી આવેલા બે યુવકોની તલાશી લેતા તેમની પાસેથી કેફી પદાર્થ મળી આવ્યો હતો. એફએસએલની પ્રાથમિક તપાસમાં આ પદાર્થ 'મેફેડ્રોન ડ્રગ્સ' હોવાનું સાબિત થયું હતું.
પોલીસે સુજલ યાસીનભાઈ સિપાઈ (રહે. ઘોરાવાસ, થરાદ) અને સાહિલ ગનીભાઈ ઘાંચી (રહે. પંચવટી, થરાદ) ની ધરપકડ કરી છે. તેમની પાસેથી 2.320 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું છે, જેની બજાર કિંમત ₹6,960 આંકવામાં આવી છે. આ ઉપરાંત અન્ય સાધનો સહિત કુલ ₹81,960નો મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો છે.
આ કાર્યવાહી અંગે પોલીસે પ્રેસ કોન્ફરન્સ યોજીને વિગતો આપી હતી. પોલીસે જણાવ્યું હતું કે, યુવા પેઢીને નશાના માર્ગે ધકેલતા તત્વો સામે આ અભિયાન સતત ચાલુ રહેશે. પકડાયેલા બંને શખ્સોના તાર અન્ય કયા ડ્રગ્સ ડીલરો સાથે જોડાયેલા છે તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. થરાદ પોલીસની આ સક્રિયતાને કારણે સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો છે. આગામી દિવસોમાં આ કેસમાં વધુ મોટા ખુલાસા થવાની શક્યતા છે.







# મીઠાવીરાણા પ્રાથમિક શાળામાં માવસરી PIએ બાળકોને ટ્રાફિક નિયમો સમજાવ્યા

**દૈનિક પલ્સ સમાચાર:** ધરણીધર તાલુકાની સરહદી મીઠાવીરાણા પ્રાથમિક શાળામાં આજે એક પ્રશંસનીય કાર્યક્રમ યોજાયો હતો. માવસરી પોલીસ ઇન્સ્પેક્ટર (PI) એ શાળાની મુલાકાત લઈને વિદ્યાર્થીઓ સાથે સમય વિતાવ્યો હતો. સામાન્ય રીતે પોલીસનું નામ સાંભળીને બાળકો ડર અનુભવતા હોય છે, પરંતુ સાહેબના સરળ અને મિલનસાર સ્વભાવે બાળકોમાં આત્મવિશ્વાસ જગાડ્યો હતો. સંબોધન દરમિયાન PI સાહેબે બાળકોને ટ્રાફિક સુરક્ષાના મહત્વ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે નાનપણથી જ નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે. ઉપરાંત, તેમણે બાળકોને વ્યસન મુક્તિ પર ભાર મૂકતા કહ્યું કે સ્વસ્થ જીવન માટે બુરી આદતોથી દૂર રહેવું જોઈએ. તેમણે બાળકોને પોતાનો કોન્ટેક્ટ નંબર આપતા જણાવ્યું કે કોઈ પણ છેડતી કે અનિચ્છનીય ઘટના સમયે ડર્યા વગર પોલીસની મદદ લેવી. આ કાર્યક્રમમાં પોલીસની ભૂમિકા વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી કે કેવી રીતે પોલીસ સામાજિક શાંતિ અને સુરક્ષા જાળવવા માટે રાત-દિવસ કાર્યરત રહે છે. શાળાના આચાર્ય દિનેશભાઈ અને સ્ટાફે PI સાહેબની આ મુલાકાતને આવકારી હતી અને તેમનું સાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. અંતમાં બાળકોને પોલીસ સ્ટેશનની મુલાકાત લેવાનું આમંત્રણ આપીને તેમણે કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.




**મીઠાવીરાણા પ્રાથમિક શાળામાં માવસરી PIએ ટ્રાફિક નિયમો અને વ્યસન મુક્તિ અંગે બાળકોને માર્ગદર્શન આપ્યું અને પોલીસ સ્ટેશનની મુલાકાતનું આમંત્રણ આપ્યું.**

# સાંતેજ: લપકામણ ગામમાં જ્વેલર્સમાં ચોરી કરનાર મહિલા ગેંગ ઝડપાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** ગાંધીનગરના લપકામણ ગામમાં દસ દિવસ પહેલા થયેલી જ્વેલરી ચોરીનો ભેદ સાંતેજ પોલીસે ઉકેલી કાઢ્યો છે. આ કેસની વિગત મુજબ, 6 ફેબ્રુઆરીએ અવિરત જ્વેલર્સમાં ચાર મહિલાઓ ગ્રાહક બનીને આવી હતી. દાગીના જોતી વખતે તેમણે વેપારીનું ધ્યાન ભટકાવ્યું હતું અને 29 સોનાની નથણીઓ (આશરે 8 ગ્રામ) ની ચોરી કરી હતી. આ મામલે બીએનએસ (BNS) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.
સાંતેજ પોલીસની ટીમ જ્યારે રકણપુર ગામ પાસે પેટ્રોલિંગમાં હતી, ત્યારે બાતમી મળી હતી કે કેટલીક મહિલાઓ દાગીના વેચવા માટે ફરી રહી છે. પોલીસે તુરંત કાર્યવાહી કરી મહિલાઓની તપાસ કરતા તેમની પાસેથી ચોરીનો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે ₹42,000 ની કિંમતની 19 નથણીઓ રિકવર કરી છે.
પકડાયેલ આરોપીઓમાં અમદાવાદના થલતેજમાં રહેતી ગૌરીબેન અને ગીતાબેન તેમજ ધોળકાની રિંકુબેન અને ભારતીબેનનો સમાવેશ થાય છે. પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ ગેંગ ભીડભાડવાળી જગ્યાઓ અને જ્વેલરી શોપને નિશાન બનાવતી હતી. પોલીસ ઇન્સ્પેક્ટર એસ.આર. મુછલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ચુડાસમા અને મહિલા એએસઆઈ દીપિકાબેન સહિતની ટીમે આ સફળ ઓપરેશન પાર પાડ્યું હતું.




**ગાંધીનગરના લપકામણ ગામમાં આવેલ અવિરત જ્વેલર્સમાંથી સોનાની નથણીઓની ચોરી કરનાર ચાર મહિલાઓની સાંતેજ પોલીસે ધરપકડ કરી છે. તેમની પાસેથી 19 સોનાની નથણીઓ રિકવર કરવામાં આવી છે. આ મહિલાઓ ગ્રાહક બનીને આવી હતી અને નજર ચૂકવી ચોરીને અંજામ આપ્યો હતો.**

# ગુજરાત વિધાનસભામાં આપના ધારાસભ્યોનો 'લાઈવ કરો' ના નારા સાથે વિરોધ

## ગુજરાત વિધાનસભા: AAP ધારાસભ્યોનો લાઈવ પ્રસારણ મુદ્દે વિરોધ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનો બીજો દિવસ હોબાળાભર્યો રહ્યો હતો. આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ ગૃહમાં પ્રવેશીને તરત જ કાર્યવાહીના લાઈવ ટેલિકાસ્ટ મુદ્દે વિરોધ શરૂ કરી દીધો હતો. આપના ધારાસભ્યોએ 'લાઈવ કરો, લાઈવ કરો' અને 'જનતાનો અવાજ લાઈવ બતાવો' ના નારા લગાવીને સમગ્ર ગૃહનું ધ્યાન ખેંચ્યું હતું. આમ આદમી પાર્ટીના નેતાઓ લાંબા સમયથી માંગ કરી રહ્યા છે કે ગુજરાત વિધાનસભાની સંપૂર્ણ કાર્યવાહીનું સીધું પ્રસારણ કરવામાં આવે. તેમનું કહેવું છે કે જનતાને એ જાણવાનો પૂરો હક છે કે તેમના દ્વારા ચૂંટાયેલા ધારાસભ્યો ગૃહમાં કયા મુદ્દે ચર્ચા કરે છે અને સરકાર સામે કેવી રીતે રજૂઆત કરે છે. લાઈવ પ્રસારણ ન હોવાને કારણે વિપક્ષની રજૂઆતો કાપી નાખવામાં આવતી હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો. ગૃહમાં દ્રશ્યો: વિરોધ પ્રદર્શન દરમિયાન આપના ધારાસભ્યોએ પોતાના સ્થાને ઊભા થઈને પ્લેકાર્ડ્સ દર્શાવ્યા હતા. શાસક પક્ષના નેતાઓ દ્વારા તેમને શાંત પાડવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ આપના ધારાસભ્યો પોતાની માંગ પર અડગ રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ડિજિટલ યુગમાં પણ જો વિધાનસભાની કાર્યવાહી લાઈવ ન થતી હોય તો તે લોકશાહીની ગરિમાને શોભતું નથી. આ વિરોધ અંગે પ્રતિક્રિયા આપતા આપના નેતાઓએ જણાવ્યું કે, "અમે જનતાના સેવકો છીએ અને અમારી દરેક હિલચાલ પ્રજા સમક્ષ હોવી જોઈએ." બીજી તરફ, શાસક પક્ષે આ વિરોધને માત્ર પ્રચાર મેળવવાનો સ્ટંટ ગણાવ્યો હતો. આ હંગામાને કારણે બીજા દિવસની પ્રશ્નોત્તરી કાળમાં પણ અસર જોવા મળી હતી. વિધાનસભામાં થયેલા આ વિરોધ પ્રદર્શને રાજ્યના રાજકારણમાં ફરી એકવાર 'પારદર્શકતા' ના મુદ્દે ચર્ચા જગાવી છે.



રિપોર્ટ : ઝીશાન ખૂંટ

**ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના બીજા દિવસે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ ગૃહની કાર્યવાહીના લાઈવ પ્રસારણની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આપના નેતાઓએ 'વિધાનસભા લાઈવ કરો' ના નારા લગાવી ગૃહ ગજવ્યું હતું. ધારાસભ્યોનું કહેવું છે કે જનતાને ખબર પડવી જોઈએ કે તેમના પ્રતિનિધિઓ ગૃહમાં કેવી રીતે પ્રશ્નો ઉઠાવે છે. આ વિરોધને પગલે ગૃહમાં થોડો સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને વિપક્ષે સરકાર સામે આક્રમક વલણ અપનાવ્યું હતું.**

# હિંમતનગર સાયન્સ કોલેજમાં પ્રોટોટાઈપ ડિઝાઈન અને ઈનોવેશન પર વર્કશોપ

**દૈનિક પલ્સ સમાચાર:** હિંમતનગરની એચ.એન.એસ.બી. સાયન્સ કોલેજમાં વિદ્યાર્થીઓના કૌશલ્ય વર્ધન માટે ઇનોવેશન ક્લબ અને કેસીજીના સંયુક્ત ઉપક્રમે બે દિવસીય શૈક્ષણિક વર્કશોપ સંપન્ન થયો હતો. 'પ્રોટોટાઇપ ડિઝાઇન અને પ્રોસેસ ડિઝાઇન' વિષય પર આધારિત આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને આધુનિક ટેકનોલોજીના પ્રવાહોથી માહિતગાર કરવામાં આવ્યા હતા. વર્કશોપના પ્રથમ તબક્કામાં પ્રો. પાર્થ રાવલ અને પ્રો. હર્ષિલ મોદીએ પ્રોટોટાઇપ વિકાસના વિવિધ પાસાઓ વિશે વિસ્તૃત છણાવટ કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું કે કેવી રીતે એક નાનકડા વિચારને વ્યવહારૂ પ્રોજેક્ટમાં રૂપાંતરિત કરી શકાય છે. બીજા દિવસે વર્કશોપમાં આકર્ષણનું કેન્દ્ર 3D પ્રિન્ટિંગ ટેકનોલોજી રહી હતી. પ્રો. જેમીન પ્રજાપતિએ 3D પ્રિન્ટિંગનું પ્રત્યક્ષ નિદર્શન કરી ટેકનોલોજીની કાર્યપદ્ધતિ સમજાવી હતી. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. પંકજ પટેલે જણાવ્યું હતું કે, આવા વર્કશોપથી વિદ્યાર્થીઓમાં સંશોધન અને નવીનતા પ્રત્યે રુચિ વધે છે જે તેમના ભવિષ્ય માટે અત્યંત જરૂરી છે. આ પ્રસંગે ડૉ. કે. પી. ડામોર અને ડૉ. આર. પી. પટેલ સહિતના અધ્યાપકોએ પણ સહભાગીઓને માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર આયોજનનું સફળ સંચાલન ડૉ. એસ. પી. વ્યાસ કર્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.


રિપોર્ટ : જનક જાદવ




## ભાવનગર ટ્રાફિક પોલીસની LED લાઈટ વિરુદ્ધ લાલ આંખ

ભાવનગર શહેરમાં માર્ગ સુરક્ષા અને ટ્રાફિક નિયમોની જાળવણી માટે પોલીસ દ્વારા વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ખાસ કરીને રાત્રિના સમયે અન્ય વાહન ચાલકોની આંખોને નુકસાન પહોંચાડતી અને અકસ્માતનું કારણ બનતી અનધિકૃત LED સફેદ લાઈટો વિરુદ્ધ પોલીસે લાલ આંખ કરી છે. 10 ફેબ્રુઆરીથી 15 ફેબ્રુઆરી સુધી ચાલેલી આ ડ્રાઈવમાં શહેરના વિવિધ વિસ્તારોમાં વોચ ગોઠવવામાં આવી હતી. આ ઝુંબેશમાં ટ્રાફિક શાખા દ્વારા સૌથી વધુ 177 મેમો આપી ₹1,77,000નો દંડ વસૂલવામાં આવ્યો છે. આ ઉપરાંત નિલમબાગ, ઘોઘારોડ, ગંગાજળિયા, ભરતનગર અને બોરતળાવ પોલીસ સ્ટેશનોએ પણ સક્રિય કામગીરી કરી હતી. કુલ 280 કેસ નોંધીને પોલીસે ₹2.75 લાખનો દંડ વસૂલ્યો છે. એસપી નિતીશ પાંડેએ જણાવ્યું હતું કે વાહન ચાલકોએ કંપની ફિટિંગ સિવાયની વધારાની તેજસ્વી લાઈટો ટાળવી જોઈએ, જેથી રસ્તા પર અન્ય નાગરિકોની સુરક્ષા જળવાઈ રહે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**

## પીપળજ કેમિકલ ફેક્ટરીમાં વિકરાળ આગ: મેજર કોલ જાહેર

અમદાવાદના પીપળજ ગામ પાસે આવેલા ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં આજે બપોરના સમયે એક કેમિકલ ફેક્ટરીમાં અચાનક ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. હર્ષ એન્ટરપ્રાઇઝ નામની આ કંપનીમાં ઓઇલ અને કેમિકલનો મોટો જથ્થો સંગ્રહિત હોવાને કારણે આગ જોતજોતામાં રૌદ્ર સ્વરૂપમાં ફેરવાઈ ગઈ હતી. આગના કાળા ધુમાડાના ગોટેગોટા આકાશમાં બે કિલોમીટર દૂરથી પણ સ્પષ્ટ જોઈ શકાતા હતા.
આગ એટલી વિકરાળ હતી કે તેની જ્વાળાઓ મુખ્ય રોડ સુધી પહોંચી ગઈ હતી, જેના પરિણામે સુરક્ષાના કારણોસર વાહનવ્યવહાર બંધ કરવાની ફરજ પડી હતી. ફાયર બ્રિગેડ દ્વારા મેજર બ્રિગેડ કોલ જાહેર કરવામાં આવ્યો અને શહેરના વિવિધ સ્ટેશનો પરથી 25 જેટલી ફાયર ફાઇટરની ગાડીઓ ઘટનાસ્થળે દોડી આવી હતી. ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર સહિતના ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ ટીમોએ દૂરથી પાણીનો મારો ચલાવ્યો હતો. આશરે ત્રણ કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવી શકાયો હતો અને હાલમાં સ્થળ પર કુલિંગ કામગીરી ચાલુ છે.

## સાયન્સ સિટીમાં ભાડે આપેલા આવાસના મકાનો થશે સીલ

અમદાવાદના સાયન્સ સિટી વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનોમાં ગેરરીતિ સામે આવી છે. એવરેસ્ટ એન્ક્લેવના લાભાર્થીઓએ રહેવાને બદલે મકાનો ભાડે આપી કમાણી શરૂ કરી હતી. AMCની વિજિલન્સ ટીમે જ્યારે 43 મકાનોનું આકસ્મિક ચેકિંગ કર્યું ત્યારે માલુમ પડ્યું કે બ્લોક નં. 2નું મકાન નં. 305 પ્રખ્યાત હોટેલ બુકિંગ સાઇટ Airbnb પર લિસ્ટ કરવામાં આવ્યું હતું.
હાઉસિંગ કમિટીના ચેરમેન મુકેશ પટેલના જણાવ્યા મુજબ, વર્ષ 2025માં જ ફાળવાયેલા આ મકાનોમાં અનેક શંકાસ્પદ ભાડૂઆતો રહેતા હોવાનું જણાયું છે. ચેકિંગ દરમિયાન 35 મકાનો બંધ હાલતમાં મળ્યા હતા, જે પણ ભાડે આપ્યા હોવાની આશંકા છે. કોર્પોરેશન હવે આવા તમામ લાભાર્થીઓ સામે એક્શન લઈ તેમના મકાનો સીલ કરવાની પ્રક્રિયા હાથ ધરી રહ્યું છે.




# સાબરકાંઠા જિલ્લા પંચાયતનું બજેટ મંજૂર: નવા બિલ્ડિંગનું કરાયું લોકાર્પણ

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે જિલ્લા પંચાયત દ્વારા વર્ષ 2026-27નું વાર્ષિક અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. હિંમતનગર ખાતે મળેલી ખાસ સામાન્ય સભામાં પ્રમુખ ભારતીબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા અને વિવિધ સમિતિના ચેરમેનોની હાજરીમાં આ બજેટ પર ચર્ચા કરવામાં આવી હતી. ₹13.87 કરોડના ખર્ચના અંદાજવાળા આ બજેટમાં શિક્ષણ, આરોગ્ય અને માળખાગત સુવિધાઓ પર ભાર મૂકવામાં આવ્યો છે. સભામાં હાજર તમામ સદસ્યોએ વિકાસના કામોને સમર્થન આપી બજેટને સર્વાનુમતે મંજૂરી આપી હતી.
બજેટ બેઠક પૂર્ણ થયા બાદ જિલ્લા પંચાયત કેમ્પસમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. જિલ્લા પંચાયતની વહીવટી કામગીરીને વધુ આધુનિક બનાવવા માટે તૈયાર કરાયેલા નવા રેકોર્ડ બિલ્ડિંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાથોસાથ, જિલ્લાના નાગરિકોના આરોગ્યની સુરક્ષાને ધ્યાને રાખીને અત્યાધુનિક ડિસ્ટ્રિક્ટ વેક્સિન સ્ટોરનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ વેક્સિન સ્ટોરની મદદથી રસીકરણ અભિયાનને વધુ વેગ મળશે અને રસીનો સંગ્રહ સુરક્ષિત રીતે કરી શકાશે. લોકાર્પણ પ્રસંગે હાજર રહેલા DDO હર્ષદ વોરાએ જણાવ્યું હતું કે, આ નવીન બિલ્ડિંગથી વહીવટી ક્ષમતામાં વધારો થશે. બજેટમાં દર્શાવેલ ₹4.39 કરોડની પુરાંત આગામી સમયમાં નવા જનહિતના કામો માટે ઉપયોગી સાબિત થશે.


રિપોર્ટ : જનક જાદવ

# હિંમતનગરમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત શિક્ષકો માટે છ દિવસીય તાલીમ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે, જેના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત શિક્ષક તાલીમ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. હિંમતનગર શહેરની પ્રતિષ્ઠિત હિંમત હાઈસ્કૂલ ખાતે 16 ફેબ્રુઆરી, સોમવારથી આ 6 દિવસીય કાર્યક્રમ શરૂ થયો છે. આ તાલીમ કાર્યક્રમમાં ચાર તાલુકાના શિક્ષકો ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. શિડ્યુલ મુજબ, પ્રથમ બે દિવસ (16-17 ફેબ્રુઆરી) ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોને નવીન પેડાગોજી અંગે તાલીમ આપવામાં આવી રહી છે. ત્યારબાદ 18 અને 19 ફેબ્રુઆરીએ ભાષાના શિક્ષકો અને અંતિમ બે દિવસ એટલે કે 20 અને 21 ફેબ્રુઆરીએ સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષકોને તાલીમબદ્ધ કરવામાં આવશે. આ તાલીમનો મુખ્ય હેતુ શિક્ષકોને નવીન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ICT અને AI જેવી આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવાનો છે. ઉપરાંત, અસરકારક વર્ગ અવલોકન, શૈક્ષણિક માળખું અને રાષ્ટ્રીય સ્તરના સર્વેક્ષણોમાં વિદ્યાર્થીઓનું પ્રદર્શન કેવી રીતે સુધારી શકાય તેવા મુદ્દાઓ પર પણ ભાર મુકાઈ રહ્યો છે. શિક્ષણ વિભાગના જણાવ્યા મુજબ, આ પ્રકારની તાલીમથી જિલ્લામાં શૈક્ષણિક સ્તર ઊંચું આવશે અને શિક્ષકો વિદ્યાર્થીઓને વધુ સારી રીતે માર્ગદર્શન આપી શકશે.


રિપોર્ટ : જનક જાદવ

**હિંમતનગરની હિંમત હાઈસ્કૂલ ખાતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત શિક્ષકો માટે છ દિવસીય તાલીમ શરૂ થઈ છે. આ કાર્યક્રમમાં આધુનિક પદ્ધતિઓ, ICT અને AI ના ઉપયોગ દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.**

# હિંમતનગર સાયન્સ કોલેજમાં ભારતીય જ્ઞાન પ્રણાલી પર સ્ટેટ કોન્ફરન્સ યોજાઈ

## હિંમતનગર: ગ્રીન ફ્યુચર વિષય પર બે દિવસીય રાજ્ય સ્તરીય સેમિનાર

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના શૈક્ષણિક ક્ષેત્રે અગ્રેસર એવી હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત એચ.એન.એસ.બી. સાયન્સ કોલેજ દ્વારા તાજેતરમાં બે દિવસીય રાજ્યસ્તરીય કોન્ફરન્સનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય જ્ઞાન પ્રણાલી (IKS) ને આધુનિક પર્યાવરણીય પડકારો સામે કેવી રીતે ઉપયોગમાં લઈ શકાય તે અંગે ચર્ચા કરવાનો હતો. કોન્ફરન્સનો વિષય "હેરનેસિંગ ઇન્ડિયન નોલેજ સિસ્ટમ ફોર અ ગ્રીન ફ્યુચર" રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી હિંમતનગરના ધારાસભ્ય વી.ડી. ઝાલાએ જણાવ્યું હતું કે, ભારતનું પ્રાચીન વિજ્ઞાન સમૃદ્ધ છે અને તેને આધુનિક યુગમાં પર્યાવરણ સુરક્ષા માટે ફરીથી સ્થાપિત કરવું જરૂરી છે. મુખ્ય વક્તા ડૉ. બી. એલ. વેદિયા અને ડૉ. રાજેશ ચૌધરીએ જ્ઞાન પ્રણાલીના વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડ્યો હતો. વિશેષ મહેમાન તરીકે નાગરિક બેન્કના ચેરમેન દિલીપ શાહ અને કેળવણી મંડળના ઉપપ્રમુખ ડૉ. યશવંત પટેલે હાજર રહીને વિવિધ કોલેજોમાંથી આવેલા પ્રિન્સિપાલો, અધ્યાપકો અને રિસર્ચ સ્કોલર્સને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. પંકજ પટેલે સ્વાગત પ્રવચન દ્વારા કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી હતી, જ્યારે કન્વીનર ડૉ. એમ. પી. ટીટોસરા દ્વારા સમગ્ર કોન્ફરન્સનું સુચારૂ સંચાલન કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સના મહત્વના હિસ્સા તરીકે રિસર્ચ સ્કોલર્સ અને વિદ્યાર્થીઓ માટે પોસ્ટર પ્રેઝન્ટેશન અને ઓરલ પ્રેઝન્ટેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ગ્રીન ટેકનોલોજી અને ઈકો-ફ્રેન્ડલી ભવિષ્ય માટેના પોતાના આઈડિયાઝ રજૂ કર્યા હતા. ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર પ્રથમ અને દ્વિતીય ક્રમના વિજેતાઓને મહાનુભાવોના હસ્તે શિલ્ડ અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કોન્ફરન્સથી સાબરકાંઠા જિલ્લાના શૈક્ષણિક જગતમાં નવો ઉત્સાહ જોવા મળ્યો હતો.




**ગાંધીનગર ખાતે ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે એક ઐતિહાસિક પગલું ભરતા 'કન્ઝ્યુમર રિસ્પોન્સિબિલિટી ઈન્ડેક્સ (CRI)' લોન્ચ કરાયો હતો. કેન્દ્રીય મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં ગુજરાત સરકાર, CERC અને CARE Edge વચ્ચે ત્રિપક્ષીય સમજૂતી કરાર થયા હતા. આ સૂચકાંક ઉદ્યોગો દ્વારા ગ્રાહકો સાથે કરવામાં આવતા વ્યવહારને માપવા માટેનું પ્રમાણભૂત માળખું બનશે. આ પહેલનો ઉદ્દેશ્ય નૈતિક વ્યવસાયિક પ્રથાઓને પ્રોત્સાહન આપી ભારતીય ગ્રાહકને વિકાસના કેન્દ્રમાં મૂકવાનો.**

# હિંમતનગર રેલવે સ્ટેશન પરથી અજાણ્યા આધેડનો મૃતદેહ મળી આવ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** હિંમતનગર રેલવે સ્ટેશન પર ફરી એકવાર સનસનાટીભરી ઘટના બની છે. સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 4 પર ફૂટ ઓવર બ્રિજ (FOB) પાસે એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો છે. વહેલી સવારે રેલવે સ્ટાફ અને પ્રવાસીઓએ એક આધેડને નિશ્ચેતન અવસ્થામાં પડેલા જોયા બાદ પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા જ રેલવે પોલીસ ચોકીનો સ્ટાફ પ્લેટફોર્મ પર પહોંચ્યો હતો. તપાસ દરમિયાન મૃતક પાસેથી કોઈ ઓળખ પત્ર મળી આવ્યું નથી. આશરે 50 વર્ષની ઉંમરના લાગતા આ આધેડ પહેરવેશ પરથી ભિક્ષુક હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને મૃતદેહને એમ્બ્યુલન્સ મારફતે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખસેડ્યો છે, જ્યાં તેનું પોસ્ટ મોર્ટમ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, હિંમતનગર રેલવે સ્ટેશન પર અત્યારે નવી ટ્રેનોના લોકાર્પણને લઈને ઘણી ચહલ-પહલ જોવા મળી રહી છે, ત્યારે આ રીતે બિનવારસી મૃતદેહ મળતા સુરક્ષા વ્યવસ્થા સામે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. હાલમાં પોલીસે અકસ્માત મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે. મૃતકની ઓળખ માટે રેલવે પોલીસ દ્વારા સોશિયલ મીડિયા અને અન્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી.







## પોરબંદર: ઈરાનથી આવેલી ડ્રગ્સની સ્પીડ બોટ ઝડપાઈ

ગુજરાતના દરિયાકાંઠે નશીલા પદાર્થોની ઘૂસણખોરી રોકવા માટે ATS અને ઇન્ડિયન કોસ્ટ ગાર્ડે ફરી એકવાર મોટી સફળતા મેળવી છે. પોરબંદરથી આશરે 140 નોટિકલ માઈલ દૂર આંતરરાષ્ટ્રીય જળસીમા (IMBL) નજીક 15-16 ફેબ્રુઆરી દરમિયાન એક અત્યંત સાહસિક ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું.ઈરાનનો કુખ્યાત સ્મગલર હાજી ફિદા આ નેટવર્ક પાછળ હોવાનું બહાર આવ્યું છે. તેના દ્વારા મોકલેલી સ્પીડ બોટમાં અબ્દુલ મજીદ અને અબ્દુલ સત્તાર નામના બે શખ્સો આશરે 200 કિલો શંકાસ્પદ કેમિકલનો જથ્થો લઈને આવ્યા હતા. સામાન્ય રીતે મોટી બોટનો ઉપયોગ થતો હોય છે, પરંતુ સુરક્ષા એજન્સીઓની નજરમાં ન આવવા માટે આ વખતે નાની સ્પીડ બોટનો ઉપયોગ થયો હતો. આરોપીઓ પાસેથી મળેલા ફોન અને ડેટાની અત્યારે તપાસ ચાલી રહી છે. આ જથ્થો પંજાબમાં સપ્લાય થવાનો હતો, તે પૂર્વે જ એજન્સીઓએ ઘેરો ઘાલીને ઓપરેશન સફળ બનાવ્યું છે.

## ગ્રાહક કોર્ટે ડોમિનોઝ પિઝાને દંડ સાથે રિફંડનો હુકમ કર્યો

અમદાવાદમાં ગ્રાહક અધિકારોના રક્ષણનો એક કિસ્સો સામે આવ્યો છે. વૈષ્ણોદેવી વિસ્તારના બે નાગરિકોએ ડિસેમ્બરમાં ડોમિનોઝમાંથી પિઝા ઓર્ડર કર્યા હતા, જેનું બિલ ₹313 હતું, પરંતુ ડિલિવરી સમયે તેમની પાસેથી ₹361.57 વસૂલવામાં આવ્યા હતા. ગ્રાહકોએ આ અંગે કંપનીને ઈમેલ કર્યા છતાં કોઈ સંતોષકારક જવાબ મળ્યો નહોતો. અંતે ગ્રાહકોએ બિલ અને ઓનલાઈન ટ્રાન્ઝેક્શનના સ્ક્રીનશોટ સાથે અમદાવાદ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ફરિયાદ કરી હતી. કમિશને નોંધ્યું કે ગ્રાહક પાસેથી વધારાના ચાર્જ વસૂલવા અને રિફંડ ન આપવું એ ખામીયુક્ત સેવા છે. કોર્ટે ડોમિનોઝને આદેશ આપ્યો છે કે 30 દિવસમાં ગ્રાહકને માનસિક ત્રાસના ₹2,000 અને કોર્ટ ખર્ચના ₹1,000 ચૂકવવા. આ ઉપરાંત, વધારાના ₹49 પર 9 ટકા વાર્ષિક વ્યાજ પણ ચૂકવવું પડશે. આ ચુકાદો ગ્રાહકોને છેતરતી કંપનીઓ માટે લાલબત્તી સમાન છે.

## અમદાવાદ: વટવામાં દારૂ પીધેલા કારચાલકે સર્જ્યો અકસ્માત

અમદાવાદના વટવા વિસ્તારમાં 17 ફેબ્રુઆરીની વહેલી સવારે હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે. નારોલ વિસ્તારમાં રહેતો રાહુલસિંહ જાડેજા નામનો યુવક નશાની હાલતમાં i-10 કાર ચલાવી રહ્યો હતો. વટવા જોગણી માતાના મંદિર પાસેના ઠાકોર વાસ પાસે તેણે પૂરઝડપે કાર ચલાવી રસ્તા વચ્ચે ઉભેલી ગાયને અડફેટે લીધી હતી. કારની ટક્કર એટલી પ્રચંડ હતી કે નિર્દોષ ગાયનું સ્થળ પર જ મોત થયું હતું.

અકસ્માત સર્જ્યા બાદ કારચાલકે બાજુમાં પાર્ક કરેલી સ્કોર્પિયો કારને પણ ટક્કર મારી હતી. અવાજ સાંભળી આસપાસના લોકો દોડી આવ્યા હતા અને કારચાલકને બહાર ખેંચ્યો હતો. લોકોએ જોયું કે ચાલક નશામાં લથડિયાં ખાઈ રહ્યો હતો અને કારની સીટ પરથી દારૂની ખાલી બોટલ પણ મળી આવી હતી. લોકોના રોષ વચ્ચે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે આરોપીની અટકાયત કરી છે અને તેનું મેડિકલ પરીક્ષણ કરવાની તજવીજ હાથ ધરી છે.




# હિંમતનગર સાયન્સ કોલેજમાં બેસ્ટ ક્લાસ સેમિનાર એવોર્ડ કાર્યક્રમ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** હિંમતનગરની એચ.એન.એસ.બી. સાયન્સ કોલેજ શૈક્ષણિક ગુણવત્તા સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જાણીતી છે. તાજેતરમાં કોલેજના પી.જી. ડિપાર્ટમેન્ટ ઓફ કેમિસ્ટ્રી દ્વારા MSC સેમેસ્ટર-4 ના વિદ્યાર્થીઓ માટે 'બેસ્ટ ક્લાસ સેમિનાર એવોર્ડ' સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિભાગીય વડા ડો. પી.એસ. પટેલ અને ડો. જી.એમ. ગોધવાલા સહિત કેમિસ્ટ્રી વિભાગના તમામ અધ્યાપકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનાર દરમિયાન વિદ્યાર્થીઓએ રસાયણ વિજ્ઞાનના જટિલ વિષયોને અત્યંત સરળ શૈલીમાં રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓની રજૂઆત અને વિષયવસ્તુના આધારે શ્રેષ્ઠ વક્તા પસંદ કરવા માટે પરફેક્ટ હાઈસ્કૂલના મેનેજિંગ ડિરેક્ટર બ્રિજેશ પટેલ અને આકાશ ઈન્સ્ટિટ્યૂટના કૌશલ પ્રજાપતિએ જજ તરીકેની ભૂમિકા ભજવી હતી. કડક સ્પર્ધાના અંતે અંશુ પ્રજાપતિએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું, જ્યારે સાક્ષી પટેલે દ્વિતીય સ્થાન મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને મહાનુભાવો અને સંસ્થાના હોદ્દેદારો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કોલેજ સ્ટાફે જણાવ્યું હતું કે, આવા સેમિનારથી વિદ્યાર્થીઓની અભિવ્યક્તિ શક્તિ ખીલે છે અને તેમને ભવિષ્યમાં વ્યવસાયિક કારકિર્દીમાં ખૂબ મદદ મળે છે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજરી આપી સહપાઠીઓને પ્રોત્સાહિત કર્યા હતા. અંતે તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.




# સાબરકાંઠા-અરવલ્લી: શિવાલયોમાં મહાશિવરાત્રીની ભક્તિભાવથી ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** મહાશિવરાત્રી પર્વ નિમિત્તે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના શિવાલયોમાં વહેલી સવારથી જ ભક્તોનું મહેરામણ ઉમટ્યું હતું. ભગવાન ભોલેનાથ પ્રત્યેની અપાર શ્રદ્ધા સાથે ભક્તોએ ‘હર હર મહાદેવ’ અને ‘ૐ નમઃ શિવાય’ ના ગુંજારવથી વાતાવરણને શિવમય બનાવી દીધું હતું. હિંમતનગરના રાયગઢમાં વૈજનાથ મહાદેવ ખાતે ૨૫ ફૂટ ઊંચી મહાકાલની પ્રતિમા આકર્ષણનું કેન્દ્ર બની હતી. બેરણા અને ભોલેશ્વર મંદિરોમાં મોટી સંખ્યામાં શિવભક્તોએ પૂજા-અભિષેક કરી દર્શનનો લાભ લીધો હતો. ઈડરના મહાકાલેશ્વર મંદિરમાં આયોજિત વિશેષ ધાર્મિક કાર્યક્રમોમાં હજારો ભક્તો જોડાયા હતા અને પ્રસાદનો લાભ લીધો હતો. અરવલ્લી જિલ્લામાં પણ ભક્તિની હેલી જોવા મળી હતી. મોડાસાના શિવાલયોમાં પંચામૃત અભિષેક અને મહાઆરતીના આયોજન કરવામાં આવ્યા હતા. ભિલોડા અને બાયડ તાલુકાના ગામડાઓમાં આવેલા પ્રાચીન શિવ મંદિરોમાં પણ ભક્તોની ભીડ જોવા મળી હતી. આ પાવન દિવસે અનેક જગ્યાએ લઘુરુદ્ર યજ્ઞ, ભજન અને લોકડાયરા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શ્રદ્ધાળુઓએ શિવલિંગ પર બીલીપત્ર અને દૂધ અર્પણ કરી પરિવારની સુખ-શાંતિ માટે પ્રાર્થના કરી હતી. સમગ્ર ઉત્તર ગુજરાતમાં શિવરાત્રીના પર્વે આસ્થા અને ઉત્સાહનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો.



# પાલનપુર: પ્રભારી સચિવ મોના ખંધારના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

## પ્રભારી સચિવ મોના ખંધારે પાલનપુરમાં જિલ્લાના વિકાસ કાર્યોની સમીક્ષા કરી

**દૈનિક પલ્સ સમાચાર:** પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લાના પ્રભારી સચિવ શ્રી મોના ખંધારના અધ્યક્ષસ્થાને જિલ્લાની સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટર મિહિર પટેલની હાજરીમાં આયોજિત આ બેઠકમાં શિક્ષણ, આરોગ્ય, માળખાગત સુવિધાઓ અને નવા પ્રોજેક્ટ્સ બાબતે ગંભીર વિચારણા કરવામાં આવી હતી. પ્રભારી સચિવશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે જિલ્લામાં નિર્માણ પામતા રોડ-રસ્તાઓ યોગ્ય પ્લાનિંગ સાથે તૈયાર થવા જોઈએ અને તેના કામની ગુણવત્તા જાળવવા માટે ત્રણ વર્ષ સુધી સતત મોનીટરીંગ કરવું અનિવાર્ય છે. તેમણે ગટર વ્યવસ્થા અને પાણીની પાઈપલાઈનના કામોમાં સ્ટાન્ડર્ડ મુજબનું મટીરીયલ વાપરવા સૂચના આપી હતી. આરોગ્ય અને સ્વચ્છતા બાબતે માર્ગદર્શન આપતા તેમણે જણાવ્યું કે માતૃત્વની સંભાળથી લઈને બાળકના જન્મ સુધીની તમામ આરોગ્ય યોજનાઓનો લાભ છેવાડાની મહિલાઓ સુધી પહોંચવો જોઈએ. સાથે જ જિલ્લામાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને સ્વચ્છતા અંગે સતત દેખરેખ રાખવા જણાવ્યું હતું. શિક્ષણ ક્ષેત્રે સાયન્સ અને વ્યવસાયિક શિક્ષણને મજબૂત બનાવવા તથા ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે સંકલિત પ્રયાસો પર ભાર મૂક્યો હતો. સમીક્ષા બેઠક બાદ પ્રભારી સચિવશ્રીએ પી.એમ.શ્રી મલાણા પગાર કેન્દ્ર પ્રાથમિક શાળાની રૂબરૂ મુલાકાત લીધી હતી. અહીં તેમણે શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને શાળાની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓ સાથે અત્યંત આત્મીયતાપૂર્વક સંવાદ સાધ્યો અને તેમને અભ્યાસ માટે પ્રેરિત કર્યા હતા. તેમણે ખાસ કરીને ગણિત વિષય શીખવા પર ભાર મૂકતા સમજાવ્યું હતું કે, જો ગણિતનું જ્ઞાન પાકું હોય તો ફિઝિક્સ, સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ જેવા વિષયો પણ અત્યંત સરળ બની જાય છે. તેમણે શિક્ષકોને શિક્ષણની ગુણવત્તા વધુ સુદ્રઢ બનાવવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.જે.દવે, પોલીસ અધિક્ષક શ્રી પ્રશાંત સુંબે અને નિવાસી અધિક કલેક્ટર શ્રી સી.પી.પટેલ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાતથી જિલ્લાના વિકાસ કાર્યોને વેગ મળશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.


રિપોર્ટ : વિશાલ ચૌહાણ

**પાલનપુર ખાતે જિલ્લા પ્રભારી સચિવ શ્રી મોના ખંધારના અધ્યક્ષસ્થાને જિલ્લાની સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં રોડ-રસ્તાની ગુણવત્તા, નળ સે જળ યોજના અને આરોગ્ય સુવિધાઓના અમલીકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સચિવશ્રીએ વિકાસકાર્યો નક્કી કરેલી ટાઈમલાઈનમાં પૂર્ણ કરવા તાકીદ કરી હતી. ત્યારબાદ તેમણે મલાણા પગાર કેન્દ્ર શાળાની મુલાકાત લીધી હતી. ત્યાં શૈક્ષણિક વ્યવસ્થાની સમીક્ષા કરી બાળકોને ગણિત જેવા વિષયોમાં રસ કેળવી મજબૂત પાયો બનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. આ બેઠકમાં કલેક્ટર મિહિર પટેલ સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.**

# પાલનપુરની આંગણવાડીઓમાં બાળ દિવસ અને રિપોર્ટ કાર્ડ વિતરણ કાર્યક્રમ

**દૈનિક પલ્સ સમાચાર:** પાલનપુર-૧ આઈ.સી.ડી.એસ. ઘટક દ્વારા આંગણવાડી કેન્દ્રોમાં શિક્ષણ અને સંસ્કારના સમન્વય સાથે 'બાળ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય વાલીઓને બાળકોના સર્વાંગી વિકાસથી અવગત કરાવવાનો હતો. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ના માર્ગદર્શિકા મુજબ, આંગણવાડીમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકોના વિકાસના પાસાઓનું આંગણવાડી કાર્યકરો દ્વારા ઝીણવટભર્યું અવલોકન કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં જાન્યુઆરી, મે અને સપ્ટેમ્બર માસમાં પ્રગતિ નોંધવામાં આવે છે, જેના ભાગરૂપે જાન્યુઆરી માસનું 'મારી વિકાસયાત્રા' રિપોર્ટ કાર્ડ વાલીઓને અર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યકર બહેનોએ દરેક વાલીને વ્યક્તિગત રીતે મળીને બાળકના વિકાસના વિવિધ તબક્કાઓ વિશે સમજણ આપી હતી. કાર્યક્રમમાં બીજો એક સુંદર પ્રસંગ ફેબ્રુઆરી માસમાં જન્મેલા ભૂલકાઓના જન્મદિવસની સામૂહિક ઉજવણીનો હતો, જેમાં બાળકોએ હોંશભેર ભાગ લીધો હતો. સી.ડી.પી.ઓ. શ્રીમતી ડિમ્પલબેન પંચાલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં તમામ સુપરવાઈઝર બહેનો, રોહિતભાઈ સેવક અને સ્મિતાબેન વણકર સહિતના અધિકારીઓએ ઉપસ્થિત રહી કાર્યકરો અને વાલીઓનો ઉત્સાહ વધાર્યો હતો. વાલીઓએ પણ આંગણવાડીની આ પ્રવૃત્તિને બિરદાવી હતી. આ પ્રકારના આયોજનથી બાળકોના પાયાના શિક્ષણને વધુ મજબૂતી મળશે અને વાલીઓમાં જાગૃતિ આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી


રિપોર્ટ : વિશાલ ચૌહાણ




# બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લાની આખરી મતદારયાદીમાં ૨૪.૨૬ લાખ મતદારો

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લાના નાગરિકો માટે મહત્વના સમાચાર છે. જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મિહિર પટેલ દ્વારા વર્ષ ૨૦૨૬ની આખરી મતદારયાદી સત્તાવાર રીતે પ્રસિદ્ધ કરવામાં આવી છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ૧ જાન્યુઆરી ૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં જાહેર કરાયેલા સઘન સુધારણા કાર્યક્રમના અંતે આ યાદી તૈયાર થઈ છે. આંકડાકીય વિગતો પર નજર કરીએ તો, બનાસકાંઠા જિલ્લામાં ૧૬,૧૫,૧૦૨ અને વાવ-થરાદ જિલ્લામાં ૮,૧૧,૦૮૭ મળી કુલ ૨૪,૨૬,૧૮૯ મતદારો નોંધાયા છે. ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ કરાયેલી ડ્રાફ્ટ યાદી બાદ, ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધી હક્ક દાવા અને વાંધાઓ સ્વીકારવામાં આવ્યા હતા. આ પ્રક્રિયામાં મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા યોગ્ય તપાસ અને સુનાવણી બાદ નવા નામો ઉમેરવામાં આવ્યા અને બિનપાત્ર નામો દૂર કરાયા હતા. સમગ્ર જિલ્લામાં કુલ ૨૦,૮૬૪ મતદારોનો વધારો થયો છે, જે લોકશાહીમાં વધતી જાગૃતિ સૂચવે છે. જિલ્લા ચૂંટણી અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, આ આખરી યાદીમાં ૯ વિધાનસભા વિસ્તારોના મતદારો પોતાનું નામ ચકાસી શકે છે. આ માટે જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, પ્રાંત કચેરી, મામલતદાર કચેરી તેમજ મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા નિયત કરેલા જાહેર સ્થળોએ યાદી પ્રદર્શન માટે મુકવામાં આવી છે. ટેકનોલોજીના યુગમાં મતદારો ભારતના ચૂંટણી પંચની વેબસાઈટ અને વોટર હેલ્પલાઈન એપ (Voter Portal) પર પણ પોતાની વિગતો ઓનલાઈન જોઈ શકશે. ચૂંટણી તંત્ર દ્વારા "કોઈ પણ પાત્ર મતદાર બાકી ન રહી જાય" તે સુનિશ્ચિત કરવા માટે તાલુકા સ્તરે વ્યાપક ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ આખરી યાદી આગામી ચૂંટણીઓ માટે પાયાનો દસ્તાવેજ બનશે. નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાની વિગતો ચકાસી લે, જેથી મતદાન સમયે કોઈ મુશ્કેલી ન પડે.



રિપોર્ટ : વિશાલ ચૌહાણ




# નડિયાદમાં ગેરકાયદે કતલખાના પર પોલીસની રેડ પાંચ લોકોની ધરપકડ

**દૈનિક પલ્સ સમાચાર:** નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા ગેરકાયદે પશુ કતલ અટકાવવા માટે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ પોલીસે કસાઈવાડા વિસ્તારમાં સફળતાપૂર્વક રેડ પાડીને પાંચ શખ્સોને બીફના જથ્થા સાથે ઝડપી પાડ્યા છે. પોલીસ ટીમે બાતમીદારના આધારે મહંમદ સલીમ ગુલામ હુસેન કુરેશી ઉર્ફે શબીર પિન્કીના રહેણાંક મકાન પર દરોડા પાડ્યા હતા, જ્યાં ગેરકાયદે કતલખાનું ચાલતું હોવાનું જણાયું હતું. આ કાર્યવાહીમાં પોલીસે કુલ ૩૬૦ કિલો બીફ જપ્ત કર્યું છે. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં માંસની સાથે કતલ કરવા માટેના ધારદાર હથિયારો, ૫ મોટા છરા, ૫ ચપ્પા, લાકડાના બ્લોક અને વજન કરવા માટેના કાંટા તથા ૨ કિલો સુધીના વજનિયાનો સમાવેશ થાય છે. પોલીસે કુલ ₹૩૮,૫૦૫ની મિલકત જપ્ત કરી છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં મહંમદ સલીમ, મોહમ્મદ રફીક તેમજ રુક્ષ્ણાબાનુ, આતિફાબાનુ અને અફરોજાબાનુ નામની મહિલાઓનો સમાવેશ થાય છે. આ તમામ સામે એનિમલ પ્રિઝર્વેશન એક્ટ (પશુ સંરક્ષણ ધારા) હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. આ રેડમાં પોલીસ ઇન્સ્પેક્ટર એસ.બી. દેસાઈ અને સબ-ઇન્સ્પેક્ટર એસ.જી. ઝાલાની આગેવાનીમાં એએસઆઈ મહેન્દ્ર એકનાથ, ચંદ્રસિંહ અને મૈત્રીબેન સહિતના જવાનોએ મહત્વની ભૂમિકા ભજવી હતી. નડિયાદમાં બનેલી આ ઘટનાએ ગેરકાયદે માંસના વેચાણ અંગે શહેરમાં ચર્ચા જગાવી છે.


રિપોર્ટ : પ્રકાશ વાઘેલા

# સ્વ. શારદાબેન પટેલની માસિક પુણ્યતિથિ નિમિત્તે રક્તદાન કેમ્પ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** માનવ સેવા એ જ પ્રભુ સેવાના મંત્રને સાર્થક કરતા સ્વ. શારદાબેન ભરતભાઈ પટેલની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે રક્તદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિ શ્રી ભરતભાઈ પી. પટેલ તેમજ વિકીભાઈ બી. પટેલના સમસ્ત પરિવારના આર્થિક અને નૈતિક સહયોગથી યોજવામાં આવી હતી. પરિવાર દ્વારા લેવામાં આવેલ આ નિર્ણયની સમગ્ર પંથકમાં પ્રશંસા થઈ રહી છે. કેમ્પની વિગતો આપતા આયોજકોએ જણાવ્યું હતું કે, આ પ્રસંગે સેવાભાવી લોકોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું અને કુલ 69 બોટલ રક્ત એકત્રિત કરવામાં સફળતા મળી હતી. આ આયોજનમાં જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશનનું વિશેષ માર્ગદર્શન અને સહકાર પ્રાપ્ત થયો હતો. કેમ્પ દરમિયાન જાયન્ટ્સ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી દ્રુપદભાઈ જોશી, જાયન્ટ્સના પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી ભાસ્કરભાઈ પટેલ તેમજ જાયન્ટ્સ પરિવારની સમગ્ર ટીમે સક્રિય સેવા આપી હતી. આ પ્રસંગે સ્વ. શારદાબેન પટેલનો શોકમગ્ન પરિવાર ઉપસ્થિત રહ્યો હતો અને રક્તદાતાઓનો આભાર માન્યો હતો. સમાજમાં જ્યારે પુણ્યતિથિ જેવા પ્રસંગો પર માત્ર ભોજન સમારંભો થતા હોય છે, ત્યારે રક્તદાન કેમ્પ યોજીને આ પરિવારે માનવતાની મહેક ફેલાવી છે. એકત્ર થયેલું આ રક્ત થેલેસેમિયા પીડિત બાળકો અને ઇમરજન્સી દર્દીઓ માટે ખૂબ ઉપયોગી સાબિત થશે.



**સ્વ. શારદાબેન ભરતભાઈ પટેલની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ભરતભાઈ અને વિકીભાઈ પટેલ પરિવારના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં 69 બોટલ રક્ત એકત્રિત થયું હતું. જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશનના સહકારથી આ સેવાકીય કાર્ય સફળતાપૂર્વક સંપન્ન થયું.**

# સાબરકાંઠા જિલ્લા પંચાયતે રજૂ કર્યું ૧૯૯૭ કરોડનું વિકાસલક્ષી બજેટ

## સાબરકાંઠા જિલ્લા પંચાયતનું વિકાસલક્ષી ₹1997 કરોડનું બજેટ

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લા પંચાયત દ્વારા આજે વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું ૧૯૯૭ કરોડ રૂપિયાનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે. જિલ્લાના સર્વાંગી વિકાસને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે રજૂ કરાયેલા આ બજેટમાં શિક્ષણ, માર્ગ અને ગ્રામીણ માળખાકીય સુવિધાઓ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ગુજરાત સરકારની ભરતી સિલક સહિત અપેક્ષિત ૧૯૯૭ કરોડની સામે ૧૩૮૭ કરોડની વાસ્તવિક આવકોને આધારે આ આયોજન કરવામાં આવ્યું છે. માર્ગ અને મકાન ક્ષેત્રે ૨૭૫ કરોડના જંગી ખર્ચ સાથે નવા રસ્તાઓનું નિર્માણ અને જૂના માર્ગોનું નવીનીકરણ કરવામાં આવશે, જેથી ગ્રામીણ કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે. ગ્રામ પંચાયતોના આધુનિકીકરણ માટે ૧૧૬ નવા ભવનો માટે ૩૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. શિક્ષણ ક્ષેત્રની વાત કરીએ તો, જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૧૪૪૨ નવા વર્ગખંડોને મંજૂરી આપવામાં આવી છે, જેમાંથી ૧૦૪૫ વર્ગખંડોનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે. આ ઉપરાંત ૫૦ નવી આંગણવાડી ભવનોને મંજૂરી આપી બાળકોના શિક્ષણ અને સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. આરોગ્ય, પશુપાલન, સમાજ કલ્યાણ અને ખેતીવાડી જેવા જનહિતના ક્ષેત્રોમાં પણ લાખો રૂપિયાની સબસીડી અને યોજનાકીય જોગવાઈઓ કરવામાં આવી છે. પર્યાવરણ લક્ષી અભિગમ અપનાવતા જિલ્લામાં સોલર રૂફટોપ પ્લાન્ટના ૫૦ ટકા કામો પૂર્ણ થયા છે. જળ સંચય અને પાણી બચાવવાની ઝુંબેશને વેગ આપવા માટે જિલ્લા પંચાયતે એક કરોડ રૂપિયાનું અનામત ભંડોળ રાખ્યું છે. જિલ્લા પંચાયતના સત્તાધીશોએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ બજેટના અમલીકરણથી જિલ્લાના અંતરિયાળ વિસ્તારો સુધી વિકાસના ફળ પહોંચશે અને તમામ નિયત કામો સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે. આ બજેટ સાબરકાંઠાના ઉજ્જવળ ભવિષ્ય અને માળખાગત સુવિધાઓના સુધારા માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે.


રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર

**અમદાવાદની મણીનગર સ્થિત સેવન્થ ડે સ્કૂલે શિક્ષણના નામે કમાણીનું સાધન બનાવી લીધું છે. વર્ષ 2017-18થી અત્યાર સુધી RTE હેઠળ એક પણ ગરીબ બાળકને પ્રવેશ આપ્યો નથી. માઈનોરીટી સ્કૂલનું બહાનું ધરીને આ સંસ્થાએ 8000 જેટલી બેઠકો પર સામાન્ય વિદ્યાર્થીઓ ભરી 19 કરોડ રૂપિયાની ગેરકાયદે ફી વસૂલી લીધી છે. ચોંકાવનારી વાત એ છે કે શાળા પાસે પ્રાથમિક વિભાગનું માઈનોરીટી સર્ટિફિકેટ જ નથી. ગરીબોનો હક છીનવનારી આ શાળા સામે શિક્ષણ વિભાગે કોર્ટમાં પુરાવા રજૂ કર્યા છે.**

# હિંમતનગર: ઈન્દ્રનગર સોસાયટીમાં બ્લોક કામમાં વેઠ ઉતારવાની ફરિયાદ

**દૈનિક પલ્સ સમાચાર:** હિંમતનગર શહેરમાં નગરપાલિકા દ્વારા કરવામાં આવતા વિકાસના કામોની ગુણવત્તા સામે ફરી એકવાર સવાલ ઉઠ્યા છે. ઇન્દ્રનગર સોસાયટી વિભાગ-સીમાં બ્લોક લગાવવાના કામમાં કોન્ટ્રાક્ટર દ્વારા ઘોર બેદરકારી દાખવવામાં આવતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે. સોસાયટીના રહીશોનો આક્ષેપ છે કે કોન્ટ્રાક્ટર કોઈ પણ પ્રકારના લેવલિંગ વગર બ્લોક લગાવી રહ્યા છે.

રહીશોનું કહેવું છે કે રસ્તામાં ઢાળ પાડવામાં આવ્યો નથી, જેના કારણે ચોમાસા દરમિયાન સોસાયટીના રસ્તાઓ જળબંબોળ થઈ જવાની પૂરેપૂરી શક્યતા છે. આ ગંભીર પ્રશ્ને સ્થાનિક રહીશ માંગીલાલ પરિહારે સત્તાધીશોનું ધ્યાન દોર્યું છે. તેમણે લેખિતમાં રજૂઆત કરતા જણાવ્યું છે કે, બાંધકામ સમિતિના ચેરમેન અને ચીફ ઓફિસર આ નબળી કામગીરીની તપાસ કરે. સોસાયટીના રહીશોને ભય છે કે જો અત્યારે ધ્યાન નહીં અપાય, તો પાલિકાના નાણાંનો વ્યય થશે અને રહીશોને મુશ્કેલી વેઠવી પડશે. હિંમતનગરના અન્ય વિસ્તારોમાં પણ આવી જ ફરિયાદો અગાઉ ઉઠી ચુકી છે ત્યારે ઇન્દ્રનગર સોસાયટીના લોકોએ એકસૂરે માંગ કરી છે કે કોન્ટ્રાક્ટરને કામ પદ્ધતિસર કરવા માટે સૂચના આપવામાં આવે. રહીશો ઈચ્છે છે કે ટેન્ડરની શરતો મુજબ અને ટેકનિકલ માપદંડો જળવાય તે રીતે જ કામ આગળ વધવું જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ હાલાકી ન ભોગવવી પડે.


રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર




# ખેડબ્રહ્મામાં દૂધના ફેટ મુદ્દે વિવાદ: ચાર શખ્સો સામે ગુનો

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડબ્રહ્મા તાલુકાના રાધિવાડ ગામની સહકારી દૂધ મંડળીમાં મારપીટની ઘટના બનતા ચકચાર મચી ગઈ છે. દૂધમાં આવતા ફેટના ટકાવારીના ટેસ્ટિંગ મુદ્દે બે પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી, જે અંતે હિંસક ઝઘડામાં પરિણમી હતી. આ ઘટનામાં ૩૫ વર્ષીય નરેન્દ્રસિંહ દરજણસિંહ ચૌહાણે ચાર લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

ઘટનાની વિગત મુજબ, ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ સાંજે ૬ વાગ્યાના સુમારે જ્યારે મંડળીમાં દૂધ ભરવાની પ્રક્રિયા ચાલતી હતી, ત્યારે ફેટ બાબતે પ્રશ્ન ઉઠ્યો હતો. આ દરમિયાન તનસિંહ રહેવર, ચૈતન્યસિંહ રહેવર, શક્તિસિંહ રહેવર અને વિરેન્દ્રસિંહ રહેવરે ફરિયાદી નરેન્દ્રસિંહ પર હુમલો કર્યો હતો. આરોપીઓએ જાહેરમાં ગાળાગાળી કરી ફરિયાદીને માર માર્યો હતો અને મામલો શાંત પાડવા આવેલા લોકોને પણ ધમકાવ્યા હતા.

આરોપીઓએ જતી વખતે ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાથી ભયનું વાતાવરણ સર્જાયું છે. ખેડબ્રહ્મા પોલીસે આ મામલે BNS-2023 ની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨) અને ૫૪ હેઠળ ગુનો દાખલ કર્યો છે. એએસઆઈ સુનીલકુમાર દ્વારા આ કેસની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. મંડળીમાં બનેલી આ ઘટનાને પગલે ગ્રામીણ રાજકારણ પણ ગરમાયું છે. હાલ પોલીસ આરોપીઓને પકડવા માટે સંભવિત સ્થળોએ તપાસ કરી રહી છે.



રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર




# પોશિનામાં બેફામ વેન્યુ કારે સરકારી બોલેરો અને ઈકોને ઠોકર મારી

**દૈનિક પલ્સ સમાચાર:** પોશિના પોલીસ સ્ટેશન વિસ્તારના કાલિકાંકર ગામ પાસે ગત રવિવારની રાત્રે નવ વાગ્યાના અરસામાં અકસ્માતની વણઝાર સર્જાઈ હતી. રાજસ્થાન પાસિંગની કાળી વેન્યુ કારના ચાલકે ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરી બેફામ ગતિએ વાહન હંકારીને પોલીસના સરકારી વાહન બોલેરોને અડફેટે લીધું હતું. આ અકસ્માતમાં સરકારી ગાડીના આગળના ભાગે નુકસાન થયું હતું. આટલું જ નહીં, પોતાની ધરપકડથી બચવા માટે ચાલકે કારની ગતિ વધારી હતી અને થોડે આગળ જઈને એક ઇકો કાર સાથે પણ અકસ્માત કર્યો હતો. આ દુર્ઘટનામાં ઇકોમાં બેઠેલા મુસાફરને નાની-મોટી ઇજાઓ થતા સારવાર અર્થે ખસેડાયા છે. અકસ્માત બાદ ચાલકને એમ લાગ્યું કે તે પકડાઈ જશે, તેથી તે વાહન રસ્તામાં જ ત્યજીને ગાયબ થઈ ગયો હતો. ઘટનાની ગંભીરતા જોતા પોશિના પોલીસે અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ નવી ભારતીય ન્યાય સંહિતા (BNS) અને મોટર વ્હીકલ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. પીએસઆઈ આર.કે. ગજ્જર આ સમગ્ર કેસની તપાસ ચલાવી રહ્યા છે. હાલ પોલીસે અકસ્માત સર્જનાર વેન્યુ કાર કબજે લીધી છે અને તેના રજીસ્ટ્રેશન નંબરના આધારે માલિક અને ચાલક સુધી પહોંચવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

**રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર**

## તલોદમાં જોખમી રીતે રિક્ષા હંકારતા ચાલક સામે કાર્યવાહી

તલોદ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુરક્ષા જળવાઈ રહે તે માટે પોલીસ સતત કાર્યરત છે. ૨૬ ફેબ્રુઆરીના રોજ સાંજના સમયે તલોદ થી વાવડી તરફ જવાના જાહેર રોડ પર એક રિક્ષા ચાલક પોતાની સીએનજી રિક્ષા (GJ-01-TL-0041) લઈને બેફામ રીતે પસાર થઈ રહ્યો હતો. રિક્ષાની ગતિ એટલી વધારે હતી કે રસ્તાની આજુબાજુ ચાલતા રાહદારીઓના જીવ જોખમમાં મુકાયા હતા. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન એએસઆઈ દિલીપભાઈ વિસાજીની નજરે આ બાબત આવતા તેમણે તુરંત રિક્ષાને અટકાવી હતી. તપાસ કરતા ચાલક તાજપુરનો ૨૬ વર્ષીય જયેશભાઈ સરણીયા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે તેની બેદરકારી બદલ ભારતીય ન્યાય સંહિતા અને મોટર વ્હીકલ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. જાહેર જનતાની સુરક્ષા સાથે ચેડાં કરનાર આ ચાલકની ઘટનાસ્થળેથી જ ધરપકડ કરવામાં આવી હતી. આ કાર્યવાહીથી બેફામ વાહન ચલાવતા અન્ય ચાલકોમાં પણ ફફડાટ ફેલાયો છે.

**રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર**

# કેશોદમાં શહીદોને શ્રદ્ધાંજલિ અને સંસ્કૃતિ જાગૃતિનો કાર્યક્રમ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** કેશોદની ધરતી પર રાષ્ટ્રપ્રેમ અને સંસ્કૃતિ રક્ષાનો અનોખો ત્રિવેણી સંગમ જોવા મળ્યો. હિન્દુ યુવા સંગઠન અને હિન્દુ યુવા વાહિની દ્વારા પુલવામાના વીર શહીદોની સ્મૃતિમાં અને યુવા પેઢીમાં ભારતીય સંસ્કારોનું સિંચન કરવાના હેતુથી એક વિશાળ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કાર્યક્રમની શરૂઆત દેશભક્તિના ગુંજતા સૂત્રોચ્ચાર અને શહીદોને અંજલિ આપીને કરવામાં આવી હતી. મુખ્ય વક્તા ઉત્તમચંદ્ર શાસ્ત્રીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે, રાષ્ટ્ર સેવા એ જ સાચી ધર્મ સેવા છે. તેમણે ભારતીય પરિવાર વ્યવસ્થા અને નૈતિક મૂલ્યોને જાળવી રાખવા હાકલ કરી હતી. કાર્યક્રમમાં સામાજિક સંદેશ આપતી ફિલ્મ 'લાલો'નું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું, જેને લોકોએ ખૂબ આવકારી હતી. કેશોદના ઇતિહાસમાં આ એક યાદગાર સાંજ બની રહી કારણ કે હજારોની મેદનીએ ગ્રાઉન્ડમાં પગ મૂકવાની જગ્યા પણ રાખી નહોતી. આ પ્રસંગે શહેરના વિવિધ સેવાકીય સંગઠનો, આગેવાનો અને મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. હિન્દુ યુવા સંગઠનના પ્રમુખ વિશાલ સોલંકીએ કાર્યક્રમની સફળતાનો શ્રેય તમામ કાર્યકરો અને દાતાઓને આપ્યો હતો. ઉપસ્થિત જનમેદનીએ રાષ્ટ્રપ્રેમ, એકતા અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને મજબૂત બનાવવાનો સામૂહિક સંકલ્પ લીધો હતો. આવા કાર્યક્રમો સમાજમાં નવી ચેતના અને દેશભક્તિની જ્યોત પ્રગટાવતા રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.


રિપોર્ટ : હર્ષ ભરડા

**કેશોદમાં હિન્દુ યુવા સંગઠન અને હિન્દુ યુવા વાહિની દ્વારા પુલવામાના શહીદોને શ્રદ્ધાંજલિ આપવા અનોખો કાર્યક્રમ યોજાયો. ઉત્તમચંદ્ર શાસ્ત્રીએ રાષ્ટ્રપ્રેમ પર પ્રવચન આપ્યું અને 'લાલો' ફિલ્મનું પ્રદર્શન કરાયું. હજારો નગરજનોએ ઉમટી પડી રાષ્ટ્રહિત અને સંસ્કૃતિ રક્ષાના સંકલ્પ લીધા હતા.**